નાગરિક સુધારા કાનુનની સામે શરૂ થયેલુ આંદોલન હવે દિલ્હી-એનસીઆરની સરહદની બહાર ફેલાવવાની શરૂઆત થઈ ચુકી છે. આની આવૃતિ અને અનિશ્ચિતતાના કારણે સ્થાનિક લોકોને ભારે અસુવિધા થઈ રહી છે. જેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓ અને નોકરી કરતા લોકોને વધારે તકલીફ થઈ રહી છે. શાહીનબાગના નેતૃત્વહીન વિરોધના કારણે શાંતિ ભંગ થવાનો ખતરો તોળાઈ રહ્યો છે. વિરોધની નેતૃત્વહીન પ્રકૃતિના કારણે કાર્યવાહી કરવામાં મુશ્કેલી નડી રહી છે. બીજી બાજુ દેખાવકારોએ અન્યત્ર દેખાવ જારી રાખવાનો ઈન્કાર કરી દીધો છે. બોર્ડની પરીક્ષાઓ હવે શરૂ થવા જઈ રહી છે. જેના કારણે કોર્ટમાં અપીલ પણ કરવામાં આવી રહી છે. કોર્ટે કહ્યુ હતુ કે કાલિન્દી કુંજ-શાહીન બાગ પર વાહનવ્યવહાર સંપૂર્ણ પણે બંધ છે. વિરોધવાળા સ્થાનો પર દુકાનો બંધ ચાલી રહી છે. જેના કારણે વિદ્યાર્થીઓ અને કારોબારીને ભારે નુકસાન થઈ રહ્યુ છે. ઉત્તરપ્રદેશના નોઈડા, દિલ્હી અને હરિયાણાના ફરીદાબાદને જોડનાર મહત્વપૂર્ણ હિસ્સા પર લોકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહે છે. જે સમય અને ફ્યુઅલની બરબાદી માટેના કારણ તરીકે હોય છે. પ્રદર્શનકારી મહિલાઓ સીએએના વિરોધમાં જે કરી રહી છે તે વિવાદાસ્પદ હોઈ શકે છે. જો કે આના કારણે કેટલાક ગંભીર નકારાત્મક પ્રભાવ મુસ્લિમ સમુદાય, સાંપ્રદાયિક સદ્ભાવ અને સમગ્ર રૂપથી કેટલીક સામાજિક પાસા પર પડવાની શંકા છે. બીજી બાજુ પ્રદર્શનકારી લોકો બંધારણ દ્વારા આપવામાં આવેલા રાઈટ ટુ પ્રોટેસ્ટની ભાવનાને પણ સમજી લેવા માટે તૈયાર નથી. પ્રદર્શનકારીના બંધારણી અધિકારોની સમજ રાઈટ ટુ પ્રોટેસ્ટ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા હેઠળ જોરશારથી બુમો પાડવા સુધી મર્યાદિત છે. આ અધિકારોનો ઉપયોગ કરવા માટે જવાબદારી રહે તે જરૂરી છે. તેમનો કોઈ આભાસ તેમને નથી. અધિકારોની આડમાં જુદા જુદા પ્રકારના નારા લગાવવામાં આવી રહ્યા છે. એમેમયુમાં વિવાદાસ્પદ નારા લાગી રહ્યા છે. કેટલીક જગ્યાએ વડાપ્રધાન અને ગૃહપ્રધાનના સંબંધમાં ખોટી નિવેદનબાજી પણ કરવામા આવી રહી છે. સૌથી કમનસીબ બાબત એ છે કે આઠથી દસ વર્ષના બાળકોને પણ સરકાર, વડાપ્રધાન અને ભાજપની સામે નારેબાજી કરવા માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સ્પષ્ટ છે કે યુવા દિમાગોમાં ઝેર ઘોળી નાંખવા માટેનુ કામ કરવામાં આવી રહ્યુ છે. આ સ્પષ્ટ છે કે યુવા દિમાગોમાં ઝેર ઘોળવા માટેનુ કામ થઈ રહ્યુ છે. આ અરાજક માહોલમાં ચમકનાર આવી જ એક વ્યક્તિનુ નામ શરજીલ ઈમામ છે.ય ઈમામે શાહીનબાગમાં ફેલાયેલી અરાજકતાનો સફળતાપૂર્વક લાભ ઉઠાવ્યો છે. સાથે સાથે રાષ્ટ્રવિરોધી ટિપ્પણી કરવા માટે સાહસ કર્યુ છે. આનો કેટલાક સમય માટે તેને આંશિક લાભ પણ મળ્યો હતો. જો કે આ ઘટનાના કારણે આ વિરોધનો અસલી ચહેરો પણ લોકોની સામે આવી ગયો છે. સામાન્ય રીતે જોવામાં આવે તો દેશની અખંડતા અને એકતા આ પ્રકારના ઝમેલાથી દુર રહે તે જરૂરી છે. શાહીન બાગને આ બાબત સમજી લેવાની જરૂર છે કે શરજીલ જેવા લોકો માત્ર ખતરનાક નથી બલ્કે જોખમી પણ છે. આ પ્રકારના લોકો લોકપ્રિયતા અને રાજકીય લાભ ઉઠાવવા માટેના પ્રયાસો કરે છે. સાથે સાથે આ પ્રકારની સ્થિતીનો લાભ ઉઠાવી લે છે. વિરોધની આ પ્રકારની પ્રકૃતિ મનોરોગી તત્વોને જન્મ આપે છે. તાજેતરમા જ એક વ્યક્તિએ અરાજકતાનો વિસ્ફોટ કરીને શાહીનબાગમાં એક દેશી પિસ્તોલ લહેરાવી હતી. વિક્ષ વર્તમાન વિરોધનો ઉપયોગ રાજનીતિમાં રહેવા માટે કરે છે. વિરોધ જારી છે અને શાહીન બાગ જેવા જ વિરોધ દેશના અન્ય ભાગોમાં શરૂ થઈ રહ્યા છે. જે એક ખોટો દાખલો બેસાડે છે. આ માનવુ ખોટુ છે કે આ વિરોધ અહિંસક અને શાંતિપૂર્ણ રહેલુ છે. આ વિરોધ દરમિયાન જાહેર સંપત્તિને નુકસાન થયુ છે. સીએએ સમર્થક અને વિરોધી દેખાવકારો વચ્ચે જોરદાર અથડામણ થઈ રહી છે. આ અથડામણમાં બંને પક્ષોને નુકસાન થઈ રહ્યુ છે. દેશના નાગરિકોને ચોક્કસપણે વિરોધ કરવાના અધિકાર છે પરંતુ લાખો લોકોને પરેશાની થાય તેવા કામ કરવા કોઈ યોગ્ય બાબત નથી.

ગુનેગારોને ક્યારેય ફાંસી થશે તેને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યુ નથી

નિર્ભયા કેસમાં કાનુની કમજોરી ઉભરી



નિર્ભયા કેસ તો હવે અમારી કાનુન વ્યવસ્થા માટે એક ટેસ્ટ સમાન છે : કેસ આગળ વધતા અનેક જટિલ બાબતો સપાટી પર આવતી ગઈ છે

સમગ્ર દેશની નજર હવે નિર્ભયા કેસ પર કેન્દ્રિત થઈ ગઈ છે. દરેક વ્યક્તિ જાણવા માંગે છે કે ગુનેગારોને હવે ફાંસી ક્યારે થશે. જે રીતે નરાધમોની સજા વારંવાર ટળી રહી છે તેના કારણે લોકોના મનમાં કેટલીક પ્રકારની આંશકા ઉભી થઈ રહી છે. હકીકતમાં આ મામલો તો હવે અમારી કાનુન વ્યવસ્થા અને ન્યાયતંત્ર માટે પણ કસોટી સમાન અને ટેસ્ટ સમાન છે. સ્વતંત્રતાના ૬૦-૭ વર્ષ બાદ આ બાબત અનુભવાઈ રહી છે કે આવા જઘન્ય મામલામા પણ અમારા કાનુન કેટલા નિસહાય છે. દોષિતોએ ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે આશરે રાત્રે નવ વાગ્યા નિર્ભયા સાથે ચાલતી બસમાં ગેંગ રેપ કર્યો હતો. સાથે સાથે તમામ દરિન્દી કરી હતી. મોડેથી નિર્ભયાનુ હોસ્પિટલમાં મોત થયુ હતુ. ત્યારબાદ દેશના જુદા જુદા ભાગોમાં આનો વિરોધ જારી રહ્યો હતો. દેશમાં જોરદાર નારાજગીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જો કે હજુ સુધી અપરાધી ફાંસીના ફંદા સુધી પહોંચી શક્યા નથી. કારણ કે કાનુની ઉપચાર બાકી છે. નિર્ભયાના દોષિતોની સામે ગેંગ રેપ અને મર્ડરનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારના કાનુન મુજબ રેપમાં મહત્તમ આજીવન કારાવાસની સજાની જોગવાઈ હતી. ત્યારબાદ કેન્દ્ર સરકારે રેપના કાનુનમાં ફેરફાર કર્યા હતા અને રેપની નવેસરથી પરિભાષા નક્કી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે રેપના કેસમાં જો પિડિત મૃત્યુ સુધી પહોંચી જાય તો ફાંસીની સજાની જોગવાઈ કરવામાં આવી હતી. છેલ્લે ફાંસીની જોગવાઈ કરવામાં આવી હતી. આ જ કેસ બાદ જુવેનાઈલ જસ્ટીસ એક્ટમાં પણ સુધારો કરવામાં આવ્યો હતો. કારણ કે તેમાં કાનુની ગેપની સ્થિતી દેખાઈ હતી. કારણ કે નિર્ભયા કેસમાં એક અપરાધી સગીર હતો. જેજે એક્ટમાં જોગવાઈ કરવામાં આવી છે કે અપરાધ કેટલા પણ પ્રકારથી ગંભીર હોય તો પણ ૧૮ વર્ષથી નીચેની વયના આરોપીને જેલ ભેગો કરી શકાય નહીં. તેને ત્રણ વખત સુધારા ગૃહમાં મોકલી શકાય છે. આ કેસ બાદ જેજે એક્ટમાં જોગવાઈ કરવામાં આવી કે જો કિશોરની વય ૧૬થી ૧૮ વર્ષની છે તો અને જઘન્ય અપરાધમાં સામેલ છે તો આવા મામલામાં તેના કેસને સેશન કોર્ટમાં ચલાવી શકાય છે. નિર્ભયા કેસની સુનાવણી માટે ફાસ્ટ ટ્રેકની રચના કરવામા આવી હતી. છ મહિનાની અદર ફાંસીની સજા ફટકારી દેવામાં આવી હતી. મામલો હાઈકોર્ટમાં પહોંચી ગયો હતો. ત્યા પણ અપરાધીઓની અરજી છ મહિનામાં ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં મામલો પહોંચી ગયો હતો. સુપ્રીમ કોર્ટમાં ૧૫મી માર્ચ ૨૦૧૪ના દિવસે અરજી દાખલ કરવામાં આવી હતી. જો કે ત્યા બે વર્ષ સુધી મામલો પેન્ડિંગ રહ્યો હતો. આ ગાળા દરમિયાન દિલ્હી પોલીસે ઝડપી સુનાવણી માટે અપીલ કરવામાં આવી હતી. ચોથી એપ્રિલ ૨૦૧૬ના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પાંચમી મે ૨૦૧૭ના દિવસે ચારે અપરાધીની ફાંસીની સજા યોગ્ય ઠેરવી હતી. નવમી જુલાઈ ૨૦૧૮ના દિવસે ત્રણેયની રિવ્યુ અરજી ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ પણ કેસ કાનુની દાવપેચમાં રહ્યો હતો. રિવ્યુ પિટિશન ફગાવી દેવામાં આવ્યા બાદ કોઈ પણ અપરાધીએ દોઢ વર્ષ સુધી ક્યુરેટિવ અરજી દાખલ કરી ન હતી. સાથે સાથે દયાની અરજી પણ દાખલ કરી ન હતી. ત્યારબાદ નિર્ભયાના માતાપિતા દ્વારા નીચલી કોર્ટમાં અરજી દાખલ કરીને અપીલ કરી કે ગુનેગારોને ફાંસી ક્યારે થશે. ત્યારબાદ કોર્ટે જેલ ઓથોરિટીને જવાબ આપવા માટે કહ્યુ હતુ. આ ગાળા દરમિયાન જેલ ઓથોરિટીએ નવેમ્બર ૨૦૧૯માં અપરાધીને સાત દિવસની મહેતલ આપી હતી. તેમને જે પણ કાનુની વિકલ્પ છે તેનુ પાલન કરે. સવાલ ઉઠા કે આખરે ક્યરેટિવ પિટિશન અને દયાની અરજી દાખલ કરવા માટેની કોઈ સમય મર્યાદા કેમ નથી. વર્તમાન કાનુની જોઘવાઈ અનુસાર ક્યુરેટિવ પિટિશન અને દયાની અરજી દાખલ કરવાની કોઈ સમય મર્યાદા કેમ નથી. આ જ કારણ છે કે હજુ સુધી આ મામલામાં ક્યુરેટિવ પિટિશન અને દયાની અરજીનો વિકલ્પ અપરાધી પાસે રહેલો છે. એક અપરાધી પાસે આ વિકલ્પ હજુ રહેલો છે.

વર્તમાન મામલામાં વિલંબ એટલા માટે થયુ કે સરકારે સુપ્રીમ કોર્ટમાં ફરી રજૂઆત કરવામાં આવી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા અરજી દાખલ કરીને માર્ગદર્શિકામાં ફેરફાર કર્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે ક્યરેટિવ પિટિશન અને મર્સી પિટિશન દાખલ કરવા માટે સમયમર્યાદા નક્કી રહે તે જરૂર છે. સમયન માંગ છે કે વિક્ટમ પરિવાર અને દેશના વ્યાપક હિતોને ધ્યાનમાં લઈને માર્ગદર્શિકા જારી કરવામાં આવે. દલીલ કરવામાં આવી હતીકે કે પ્રિજન રૂલ કહે છે કે કેટલાક મામલામાં હજુ દુવિધા રહેલી છે.

લોકો-કંપનીઓને હેકિંગથી બચાવવા ઈચ્છુક લોકો આગળ વધી શકે...

એથિકલ હેકિંગમાં શાનદાર કેરિયર છે



વર્તમાન દોરમાં ઈન્ટરનેટની મદદથી કેટલાક લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે : પ્રોફેશનલ એથિકલ હેકર બની શકાય છે

વર્તમાન દોરમાં ઈન્ટરનેટની મદદથી કેટલાક વિશ્વાસઘાતી લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. જો તમે લોકો અને કંપનીઓને હેકિગથી બચાવવા માટે ઈચ્છુક છો તો તમે પ્રોફેશનલ એથિકલ હેકર બની શકો છો. હાલના સમયમાં દુનિયાના દેશો અને ભારતમાં પણ બેંકોમાં ગ્રાહકોના ખાતામાંથી ગેરકાનુની રીતે લેવડદેવડની સાથે કેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, તેમજ એટીએમ કાર્ડને હેક કરવાની ઘટનાઓ રોકેટ ગતિથી વધી રહી છે. ઈન્ટરનેટના માધ્યમથી આ પ્રકારની ગેરકાયદે છેચરપિંડી વધી રહી છે. સાથે સાથે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટા ચોરી કરી લેવાની ઘટનાઓ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે. આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઈબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે. ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે. જે કંપનીઓની સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે કેટલાક તોર તરીકા અંગે માહિતી ધરાવે છે. તેમના સંવેદનશીલ ડેટાને જાળવી રાખવામાં તેમની ભૂમિકા રહેલી હોય છે. સોફ્ટવેયર એક કોમ્પ્યુટરના બ્રેન તરીકે હોય છે. આ કોઈ પણ કોમ્પ્યુટરના તમામ ફંક્શનને ઓપરેટ કરે છે. સોફ્ટવેર્સ ફ્રી પણ હોય છે. સાથે સાથે ડ્યુટી સાથે પણ આવે છે. હવે તો કેટલાક સોફ્ટવેરને ઈન્ટરનેટ મારફતે કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરવામાં આવી શકે છે. માનવની જેમ જ કોમ્પ્યુટરની પણ એક ખાસ ભાષા હોય છે. જેને તે સમજી શકે છે. કોમ્પ્યુટરની ભાષા બાઈનરી સિસ્ટમ પર આધારિત હોય છે. જે હેઠળ તે માત્ર માત્ર જીરો અને એકના નંબરમાં લખેલી ભાષાને જ સમજે છે. સી, સી પ્લસ પ્લસ, જાવા,, એસક્યુએલ, રબી, જાવા સ્ક્રિપ્ટ, પીએચપી પાઈથન, સી શાર્પ જેવા શબ્દો પ્રોગ્રામિંગ લેંગવેજ છે. હેકિંગ વેબસાઈટસમાં અભ્યાસ કરવામાં આવે છે. હેકિંગ સાથે જોડાયેલી વેબસાઈટ્સ પર વિશાલ પ્રમાણમાં હેકિંગ આર્ટસ અને ટ્રિક્સ પર મહત્વપૂર્ણ ટિપ્સ હોય છે. આ સામગ્રીમાં અભ્યાસ કરીને હેકિંગના સંબંધમાં વધારે માહિતી મેળવી શકાય છે. ટોપ લેવલની હેકિંગ વેબસાઈટ્સમાં હેક અ, ડે, હેક ઈનધ બોક્સ, અમેઝિંગ હેકિગં ટ્રિક્સ ડોટ કોમ, હેક દિસ સાઈટ, હાર્ડ ટુ હેક ડોટ ઈન જેવા નામ લઈ શકાય છે. નેટવર્કિંગમાં હાર્ડવેયર અને સોફ્ટવેરના કોમ્બિનેશન હોય છે. નેટવર્કિંગના કામ કરવાની ટેકનિકથી લઈને તેના ટુલ્સના સંબંધમાં પરફેક્ટ માહિતી હોવી જોઈએ. નેટવર્કિંગના બેસિક્સના સંબંધમાં અપડેટ રહેવાની જરૂર હોય છે. આઈપી એડ્રેસ, પોર્ટ, પ્રોટોકોલ જેવા નેટવર્કિંગ ટુલ્સના સંબંધમાં પણ અભ્યાસ કરવાની જરૂર હોય છે. એક પ્રોફેશનલ હેકરને સોફ્ટવેરના જ્ઞાનની સાથે સાથે સોફ્ટવેર ક્રિએશનની માહિતી હોય તે પણ ખુબ જરૂરી છે. આ તમામ માહિતી ખુબ ઝીણવટભરી રીતે હોવી જોઈએ. સોફ્ટવેર ક્રિએટ કરનાર એક્સપર્ટને પ્રોગ્રામર અથવા તો કોડર કહેવામાં આવે છે. વેબ ડિઝાઈનિંગના આર્ટના જ્ઞાનને પણ હેકિંગના એક મહત્વપૂર્ણ ટુલ્સ તરીકે ગણવામાં આવે છે. જેથી આને પણ ક્યારેય નજરઅંદાજ કરવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. એક એથિકલ હેકરને કોમ્પ્યુટરમાં હાર્ડવેયર બેઝિક્સના રૂપમાં ટ્રાન્જિસ્ટર્સ, મધરબોર્ડ, પ્રોસેસર્સ, હાર્ડવેયર, સોફ્ટવેર, રેમ મેમોરી કેપિસીટી, પ્રોગ્રામિંગ, ઓપરેટિંગ સિસ્ટમ, નેટવર્ક, કોમ્પ્યુટર ડિસ્ક સ્ટોરેજ, ઈનપુટ-આઉટપુટની માહિતી પણ પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. ઓપરેટિંગ સિસ્ટમની માહિતી હોવી પણ સૌથી ઉપયોગી બાબત છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનામાં કાલી લિક્સ એડવાન્સ્ડ છે. જેનો ઉપયોગ હેકર વધારે પ્રમાણમાં કરે છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનમાં ઉબન્તુ, મેક ઓએસ, ફેડોરા, સેન્ટ ઓએસના નામ હોય છે. એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી. હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે. સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે. આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઈએ. જો તમારી ઈચ્છા એતિકલ હેકર્સ બનવાની છે તો જ તેમાં સફળતા હાંસલ કરી શકાય છે. હેકિંગના પ્રોફેશનમાં રસ ધરવનાર વ્યક્તિને લેટેસ્ટ ટેકનોલોજી પર ધ્યાન રાખીને તે અંગે માહિતી હાંસલ કરવી પડશે.

૧૫મી ઓગષ્ટ ૨૦૨૨ સુધી લોકો ટ્રેનમાં મુસાફરી કરી શકશે...

બુલેટ ટ્રેન સમયસર દોડાવવા પ્રયાસો

જમીન અધિગ્રહણ માટે કામગીરી ૮૦ ટકા પૂર્ણકરી લેવામાં આવી છે. : હજુ ઝડપી કામગીરી જારી : ડ્રીમ પ્રોજેક્ટ વહેલી તકે પૂર્ણ થશે



દેશમાં પ્રથમ બુલેટ ટ્રેન દોડાવવા માટે સંબંધિત કામો ઝડપથી ચાલી રહ્યા છે. પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકો હજુ પણ માની રહ્યા છે કે પ્રોજેક્ટને નિર્ધારિત સમય કરતા પહેલા પૂર્ણ કરી લેવામાં આવનાર છે. જમીન અધિગ્રહણને લઈને હાલમાં કેટલીક તકલીફ આવી રહી હોવા છતાં પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવાની યોજના છે. રાજસ્વ પ્રધાન કૌશિક પટેલે ગાંધીનગરમાં કહ્યુ છે કે જમીન અધિગ્રહણ માટેની ૮૦ ટકા કામગીરીને પૂર્ણ કરી લેવામાં આવી છે. ખેડુતોને હજુ સુધી ૨૧૦૦ કરોડ રૂપિયા ચુકવી દેવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે ૭૧૪ હેક્ટર જમીનની જરૂર છે. જે પૈકી ૫૭૧ હેક્ટર અર્થાત ૮૦ ટકા જમીન માટે અધિગ્રહણની કામગીરીને પૂર્ણકરી લેવામાં આવી છે. કૌશિક પટેલ કહી ચુક્યા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વકાંમક્ષી પ્રોજેક્ટ બુલેટ ટ્રેન પર ઝડપી કામ ચાલી રહ્યુ છે. કોઈ દુવિધા દેખાઈ રહી નથી. જમીન અધિગ્રહણની તકલીફના કારણે અલાઈનમેન્ટ બદલી નાંખવાન શક્યતા પર ચર્ચા ચાલી રહી છે. જો કે પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકોનુ કહેવુ છે કે અલાઈનમેન્ટને લઈને કોઈ તકલીફ નથી. જમીન અધિગ્રહણ માટે ડિસેમ્બર ૨૦૧૮ની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી. જો કે કેટલીક દુવિધાના કારણે સમયમર્યાદા વધારી દેવામાં આવી છે. જો આગામી વર્ષના મે મહિના સુધી પણ જમીન મળી જાય છે તો પ્રોજેક્ટ પૂર્ણ રફતાર સાથે આગળ વધશે. કોઈ વિલંબ થવાની શક્યતા હાલમાં તો દેખાતી નથી. પરદા પાછળના કામ ચાલી રહ્યા છે અને તે કામ પૂર્ણ થવા આવ્યા છે. હવે સામાન્ય લોકોને દેખાય તેવા કામ હાથ ધરવામાં આવનાર છે. કેટલાક કામ શરૂ થઈ ચુક્યા છે. દાખલા તરીકે વડોદરામાં ટ્રેનિંગ સેન્ટર પર કામ ચાલી રહ્યુ છે. સાબરમતીમાં ૭૬ હેક્ટર જમીન પર ડેપો બનનાર છે. આ જગ્યાએ જે માળખા છે તે દુર કરવામાં આવી રહ્યા છે. સાબરમતીમાં જ પેસેન્જર ટર્મિનલ બનનાર છે. ટેન્ડર જાર કરવામાં આવી ચુક્યા છે. મુંબઈમાં બનનાર ટનલ માટે ટેન્ડર પણ આગામી વર્ષે બહાર પડી જશે. જાપાને આ પ્રોજેક્ટ માટે ટાર્ગેટ ડિસેમ્બર ૨૦૨૩ રાખ્યુ છે પરંતુ ભારત સરકાર આનાથી પણ પહેલા બુલેટ ટ્રેન દોડાવવા માટે ઈચ્છુક છે. બુલેટ ટ્રેન દોડાવવા માટેની ઈચ્છા ધરાવે છે. કેટલાક જાણકાર લોકો તો કહી રહ્યા છે કે ૧૫મી ઓગષ્ટ ૨૦૨૨ સુધી લોકો તેમાં મુસાફરી કરી શકે તે માટે આયોજન કરી રહ્યા છીએ. જાપાને નાણાં આપવા માટેની તૈયારી શરૂઆતમાં જ દર્શાવી હતી. હાલમાં કોઈ કંપની ભારતમાં બુલેટ ટ્રેન બનાવતી નથી. જેથી જાપાન કંપનીઓ માટે જ ટેન્ડર જારી કરવામાં આવી રહ્યા છે. પરંતુ જે સમજુતી થઈ છે તેમાં ટેકનોલોજી ટ્રાન્સફરન પણ વાત છે. ભારતીય કંપનીઓ આ દિશામાં આગળ આવશે તો જાપાન મદદ કરનાર છે. જેથી ભારતમાં પણ બુલેટ ટ્રેન બની શકશે, ટ્રેક ફિટિંગ, ઈલેક્ટ્રિકલ પોલ, ટ્રાન્સફાર્મર જેવી ચીજો એવી છે જે બુલેટ ટ્રેન માટે જરૂરી છે. આ તમામ ચીજોનુ નિર્માણ ભારતમાં જ કરવામાં આવનાર છે. હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન સિન્જો અબે વચ્ચે ઐતિહાસિક દ્વિપક્ષીય મંત્રણા યોજાઈ હતી જેમાં સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવાના ઈરાદા સાથે અનેક સમજૂતિઓ કરવામાં આવી હતી. જાપાનના પાટનગર ટોકિયોમાં આ શિખર બેઠક યોજાયા બાદ છ મહત્વની સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને વડાપ્રધાનો વચ્ચે હાઈસ્પીડ ટ્રેન અને નેવી કોર્પોરેશન સહિત છ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન બંને દેશોના સંરક્ષણમંત્રીઓ અને વિદેશ મંત્રીઓ વચ્ચે ૨+૨ મંત્રણાને લઈને પણ સહમતિ થઈ હતી. ગયા રવિવારના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩માં ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા માટે યામાન્ચી પહોંચ્યા હતા. ત્યારબાદ વડાપ્રધાને પોતાના જાપાની સમકક્ષ સિન્જો અબેની સાથે એક્સપ્રેસ ટ્રેન કેજીની મુસાફરી કરી હતી. બંનેએ યામાનસી સ્થિત ઔદ્યોગિક રોબોટ કંપની ફાનુકની ફેક્ટ્રીને પણ નિહાળી હતી. વાપસીમાં ટ્રેનમાં યાત્રા કરી હતી. આ પહેલા દિવસમાં મોદીનું હોટલ માઉન્ટ ફુજી પહોંચ્યા બાદ અબેએ ભવ્ય સ્વાગત કર્યું હતું. બંને નેતા બગીચામાં વાતચીત કરતા નજરે પડ્યા હતા. મોદીએ પોતાના જાપાની સમકક્ષ અબેને બે કલાત્મક ચીજોની ભેંટ આપી હતી. યાત્રા દરમિયાન બુલેટ ટ્રેનના પાસા પર ચર્ચા કરવામાં આવી હત. બુલેટ ટ્રેન મોદીના મહત્વકાંક્ષ પ્રોજેક્ટ તરીકે ગણવામા આવે છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને પ્રશ્નો પણ થઈ રહ્યા છે. જમીન અધિગ્રહણના કેટલાક મામલા કોર્ટમાં પહોંચી ગયા છે. જો કે તમામ વિવાદોને સાનુકુળ રીતે ઉકેલીને આ મહાકાય પ્રોજેક્ટ પર આગળ વધવા મનાટે સરકાર ઉત્સુક બનેલી છે.

દરેક વયમાં જોબ છે

એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઈ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઈ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઈને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઈ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઈ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઈ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઈ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઈન્ટરવ્યુ અને ઈન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઈએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઈએ. વર્તમાન કંપનીમાં સ્વૈચ્છા સાથે લીડરશીપ રોલ કરવા માટે તૈયારી રાખવી જોઈએ. આ રીતે મોટા કામમાં પોતાની ભૂમિકા મોટી રહે તેવા કામ કરવા જોઈએ. પોતાના સહ કર્મચારીઓ, ક્લાઈન્ટો, જુના બોસ અને ઈન્ડસ્ટ્રીઝ પ્રોફેસરની સાથે સંબંધ કુબ સાનુકુળ રાખવા જોઈએ. ભવિષ્યની નોકરી માટે પ્રોફેશનલ નેટવર્ક રહે તેવી બાબત પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. પોતાના વર્તમાન એમ્પ્લોયરને રોલ બદલી નાંખવા માટે પણ રજૂઆતો કરવી જોઈએ. ૪૦ વર્ષની વયમાં દરેક વ્યક્તિ માટે ટર્નિંગ પોઈન્ટ હોય છે. આ ગાળામાં મોટા ભાગના પ્રોફેશનલ સૌથી વધારે કામ કરી શકે તેવી સ્થિતીમાં હોય છે. જોબ સર્ચ દરમિયાન પોતાની સામે સૌથી મોટા પડકારો, નવા એમ્પ્લોયરની સામે પોતાને કુશળ સાબિત કરવાની આ સુવર્ણ તક હોય છે.

સમયની સાથે સાથે કુશળતા સતત વધારી પોતાની ઉપયોગિતાને સાબિત કરવા જરૂર

સારા મલ્ટીટાસ્કરના દિમાગના ગ્રે મૈટર ઓછા હોય છે કારણ કે...

મલ્ટીટાસ્કિંગ પ્રક્રિયા નુકસાન કરે છે

ક્રોનિક મીડિયા મલ્ટીટાસ્કરમાં મેમોરી ઓછી હોય છે : સંબંધો સાથે સંબંધિત સમસ્યા પણ ઉભી થઈ રહી હોવાના દાવા થઈ ચુક્યા છે

વર્તમાન સમયમાં મોટા ભાગના લોકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી વેળા મલ્ટીટાસ્કિંગ કરતા રહે છે. એટલે કે મોબાઈલ ફોનનો ઉપયોગ કેટલાક અન્ય કામની સાથે થતો રહે છે. આધુનિક લાઈફસ્ટાઈલ વ્યક્તિની આ પ્રકારની બની ગઈ છે. જેના કારણે કોઈ પણ વ્યક્તિને નુકસાન થાય છે. મલ્ટીટાસ્કિંગને લઈને શ્રેણીબદ્ધ અભ્યાસ અને સર્વેના તારણ જારી કરવામાં આવી ચુક્યા છે. વર્તમાન સમયમાં અમે ટીવી નિહાળતા નિહાળતા, કામ કરતા કરતા અને ભોજન કરતી વેળા પણ મલ્ટીટાસ્કિંગ કામ કરતા રહીએ છીએ. જેમ કે કેટલાક લોકો ગેમ્સ રમતા રહે છે. કેટલાક લોકો સોશિયલ મિડિયા ચેક કરતા નજરે પડે છે. તો કેટલાક લોકો ફિલ્મ નિહાળતા નજરે પડે છે. કેટલીક વખત તો અમે અન્ય વ્યક્તિ સાથે ફોન પર વાત કરતી વેળા અન્યની સાથે વાત કરતા રહીએ છીએ. અમને લાગે છે કે અમે કોઈ પણ તકલીફ વગર કેટલાક કામો રહી શકીએ છીએ. જો કે વાસ્તવિકતા એ છે કે મલ્ટીટાસ્કિંગની બાબત ખુબ ખતરનાક છે. કેટલાક નવા અભ્યાસમાં બાબતો ખુલીને સપાટી પર આવી છે. મલ્ટીટાસ્કિંગના ખતરા વધી રહ્યા છે. તાજેતરમા જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો સારા મીડિયા મલ્ટીટાસ્કર હોય છે તેમના દિમાદના ગ્રે મૈટર ઓછા હોય છે. આના કારણે મોટિવેશન અને ઈમોશન પર નિયંત્રણ સાથે સંબંધિત ક્ષેત્રોમાં કમી જોવા મળે છે. મેમોરીની સમસ્યા પણ રહેલી છે. વર્ષ ૨૦૧૬માં કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ક્રોનિક મીડિયા મલ્ટીટાસ્કરમાં મેમોરીની કમી હોય છે. સુચનાને સ્ટોર કરવાની ક્ષમતામાં ઘટાડો થઈ જાય છે. સાથે સાથે લોંગ ટર્મ મેમોરીની ક્ષમતામાં સ્પષ્ટ રીતે કમી જોવા મળે છે. કેટલાક લોકો હમેશા એવી બાબતને લઈને ખુશ રહે છે કે મલ્ટીટાસ્કિંગના કારણે તેઓ ઓછા સમયમાં એક કરતા વધારે કામ કરી નાંખે છે. જ્યારે વાસ્તવિકતા આ બાબત પર આધારિત નથી. મલ્ટીટાસ્કિંગના કારણે આપને કેટલાક પ્રકારના નુકસાન થઈ શકે છે. શોધ કરનાર લોકો આને ટેકનોફેરેન્સ કહે છે. જ્યારે તમે ફોન પર લાગેલા રહો છો અથવા તો અન્ય સાથે ફોન પર વ્યસ્ત રહો છો ત્યારે તેના કારણે સંબંધ સાથે સંબંધિત સમસ્યા ઉભી થાય છે. મલ્ટીટાસ્કિંગના કારણે સંબંધોમાં ઉભી થનાર તિરાડ વધારે ખતરનાક બની જાય છે. આના કારણે સંતુષ્ટિ ઓછી જોવા મળે છે. કોલેજના વિદ્યાર્થીઓને આવરી લઈને કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે કોમ્પ્યુટર પર કામ કરનાર લોકો અથવા તો કોમ્પ્યુટર પર કામ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા જેટલા વધારે પ્રમાણમાં મલ્ટીટાસ્કિંગ કરી હોય છે તે વિદ્યાર્થીઓને વધારે ટેન્શન રહે છે. આનો અર્થ એ થાય છે કે સતત મલ્ટી ટાસ્કિંગના કારણે ટેન્શન વધે છે. હાડકાને નુકસાન થાય છે. મોટી વયના લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જ્યારે તમે એક વખતમાં એક કરતા વધારે કામ કરો છો ત્યારે હાડકાને નુકસાન થાય છે. મલ્ટીટાસ્કિંગના મોટા ભાગના મામલામાં આપને ઈજા પણ થઈ શકે છે. સાથે સાથે પડી પણ શકો છો. જાણકાર નિષ્ણાંતો કહે છે કે કોઈ પણ એક કામ એક વખતે પૂર્ણ કરવાની જરૂર હોય છે. ક્લાસરૂમમાં મલ્ટીટાસ્કિંગના એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે લેક્ચરના ગાળા દરમિયાન કોમ્પ્યુટર પર જે વિદ્યાર્થીઓ દ્વારા મલ્ટીટાસ્કિંગ કરવામાં આવે છે તેમને પરીક્ષામાં ઓછા માર્ક મળે છે અને જ્યારે લેક્ચર દરમિયાન ટીચરની વાત પર જે વિદ્યાર્થીઓ ધ્યાન આપે છે તે વિદ્યાર્થીઓને વધારે માર્ક મળે છે. લેક્ચર પર વધારે ફોક્સ કરવાના કારણે દિમાંગ વિષયને સારી રીતે સમજી શકે છે. શોધ કરનાર લોકોએ મલ્ટીટાસ્કિંગ , મીડિયાના ઉપયોગ તેમજ ઈમોશનલ હેલ્થ લિન્કનુ પરીક્ષણ કર્યુ છે. જો કે મિડિયાના ઉપયોગ અને નકારાત્મક પરિણામોની વચ્ચે સંબંધ સ્થાપિત કરી શકાતા નથી. જે લોકો મલ્ટીટાસ્કિંગ કરે છે તેમની સામાજિક બૈચેની એટલી જ વધારે વધે છે. અભ્યાસમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે જે લોકો સમાહના સાત દિવસ સુધી ઘરમાં મલ્ટીટાસ્કિંગ કરે છે તેમના વ્યવહારમાં વધારે તકલીફ જોવા મળે છે.

શુ કરવામાં આવે : ૫-૨-૧-૦ની ફોર્મ્યુલા પર કામ કરવાની જરૂર

બાળક સ્થુળ છે તો ખાસ ફોર્મ્યુલા

૬-૧૫ વર્ષ સુધી સામાન્ય રીતે એકથી દોઢ કિલો વજન વધે તે જરૂરી છે : ૩૦ ટકા બાળકો સ્થુળતાથી ગ્રસ્ત હોય છે જે જંક ફુડ ખાય છે

બાળકોમાં વજન વધવા માટેની સમસ્યા સામાન્ય રીતે ૧૦ વર્ષથી લઈને ૧૫ વર્ષની વય સુધી શરૂ થાય છે. આવા બાળકોમાં મોટા થતા કેટલીક ખાસ પ્રકારની બિમારી થવાનો ખતરો રહે છે. જેમાં હાર્ટસંબંધિત બિમારીનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ડાયાબિટીસ, પીસીઓડી અને બાર્મોનલ સંબંધી પરેશાની આવવા લાગી જાય છે. આ તમામ તકલીફને કેટલીક કાળઝી રાખીને રોકી શકાય છે. બાળકોમાં સ્થુળતા વધવા માટે જે કારણ મુખ્ય રીતે રહેલા છે તેમાં ખેલકુદને લઈને રસ ઓછો હોવાની બાબત પણ સામેલ છે. સાથે સાથે જે બાળકો મોટા ભાગે જંક ફુડનો ઉપયોગ વધારે કરે છે તેમનામાં પણ આ સમસ્યા સામાન્ય રીતે જોવા મળે છે. આવા બાળકોમાં ૧૦ વર્ષથી લઈને ૧૫ વર્ષની વય સુધી બોડી ફેટ વધવા લાગી જાય છે. મોટા ભાગના બાળકો મોબાઈલ, ટીવી અને વિડિયો ગેમની સાથે તેમનો સમય ગાળે છે. જેના કારણે શારરિક ગતિવિધી તઈ શકતી નથી. આના કારણે બાળકોની લંબાઈ વધવાની પ્રક્રિયા સમય કરતા પહેલા રોકાઈ જાય છે. ફેટી બાળકોના શારરિક અને માનસિક વિકાસની પ્રક્રિયા યોગ્ય રીતે થઈ શકતી નથી. આવા બાળકો સીઢી ચઢતા પણ થાકી જાય છે. ખુબ વહેલી તકે થાકી જાય છે. યુવતિઓમાં સમય કરતા પહેલા પિરિયડનો ગાળો શરૂ થઈ જાય છે. ઓવરીમાં તકલીફ થાય છે. જેના કારણે પીસીઓડીની સમસ્યા ઉભી થાય છે. આવા બાળકો વધારે ભાવુક અને બિમારીથી ગ્રસ્ત બની જાય છે. સ્થુળતાથી ગ્રસ્ત રહેલા બાળકોને ફિટ કરવા માટે કેટલીક ફોર્મ્યુલા રહેલી છે. જેના પર કામ કરવામાં આવે તે ફાયદો થાય છે. આના માટે માતાપિતાને બાળકો માટે ફાઈવ ટુ જીરો ફોર્મ્યુલાનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. પાંચમાં સિઝનની શાકભાજી અને ફળ નિયમિત રીતે ખાવામાં આવે તો ફાયદો થાય છે. બે કલાકથી વધારે ટીવી અને મોબાઈલ ચલાવવા માટેની મંજુરી આપવી જોઈએ નહીં. એક કલાકથી વધારે સમય સુધી દરરોજ કસરત કરવામાં આવે તે જરૂરી છે. કોઈ પણ પ્રકારના સોફ્ટ ડ્રિન્ક બાળકોને પીવા માટે ન આપવામાં આવે તે જરૂરી છે. માત્ર બાળકો માટે જ નહીં બલ્કે તમામ વયના લોકો માટે સ્થુળતા ખતરનાક છે અને અનેક બિમારીને આમંત્રણ આપે છે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યુંછે કેસ્તનપાન વધુ કરનાર નવજાત શિશુમાં બાળપણમાં સ્થૂળતાનો ખતરો ઘટી જાય છે. જ્યારે બીજી બાજુ ડાયાબિટીશનો શિકાર થયેલી માતાઓના બાળકોને બાળપણમાં સ્થૂળતાનો ખતરો વધારે રહે છે. અભ્યાસ મુજબ ઓછામાં ઓછા છ મહિના સુધી સ્તનપાન કરનાર શિશુમાં આ ખતરો ઘટી જાય છે. ઈપીડેમિયોલોજીસ્ટ ટેસાકૂમે કહ્યું છે કે વ્યાપક અભ્યાસ બાદ આ મુજબના તારણ સપાટી પર આવ્યા છે. અભ્યાસવેળા સંશોધકોએ ડાયાબિટીશનો શિકાર થયેલી માતાઓના ૯૪ બાળકો અને ડાયાબિટીશનો શિકાર નહીં થયેલી ૩૯૯ મહિલાઓના બાળકો ઉપર નજર રાખ્યા બાદ આ તારણ ઉપર પહોંચ્યા છે. સંશોધકોનું કહેવું છે કે બાળકોમાં સ્થૂળતાનો ખતરો વધી જાય છે પરંતુ શિશુના ગાળામાં સ્તનપાન કરવામાં આ ખતરો ઓછો રહે છે. ડાયાબિટીક સગર્ભા અવસ્થાના કારણે પોષણ વધી જતાં સ્થૂળતાનો ખતરો બાળકમાં રહે છે. અહેવાલ મુજબ સગર્ભા અવસ્થા દરમિયાન ડાયાબિટીશનો શિકાર થયેલી મહિલાઓને ખૂબ જ સંભાળ લેવાની જરૂર પડે છે. સ્તનપાન નવજાત શિશુને માત્ર ઘણી બિમારીથી રક્ષણ આપે તેમ નથી બલ્કે અન્ય ખતરા પણ ટાળી દે છે. બાળપણમાં સ્થૂળતાનું જોખમ અનેકગણું ઘટી જાય છે. આ મહિલા સંશોધકનું કહેવું છે કે નવી શોધથી નવજાત શિશુને વધુ પ્રમાણમાં મહિલાઓ સ્તનપાન કરાવવા આગળ આવશે અને ગેરમાન્યતા ધરાવતી મહિલાઓને પ્રત્સાહન મળશે. સગર્ભા અવસ્થા દરમિયાન ડાયાબિટીકનો શિકાર બનેલી મહિલાઓ માટે પણ આ તારણો ઉપયોગી સાબિત થશે. ઈન્ટરનેશનલ જનરલ ઓફ ઓબેસિટીના નવા અભ્યાસમાં આ સંશોધનના તારણો પ્રકાશિત કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે, જે રીતે મહિલાઓમાં સ્થૂળતા ઘણી બિમારીઓને આમંત્રણ આપે છે તેવી જ રીતે ઓછુ વજન પણ ઘણી બિમારીઓને આમંત્રમ આપે છે. આનો મતલબ એ થયો કે, સ્થૂળતા અને વધારે પડતુ ઓછુ વજન બંને ખતરનાક છે. જેથી મહિલાઓને પોતાના વજન બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ)મુજબ રાખવા તબીબો સલાહ આપે છે. બોડી માસ ઈન્ડેક્સમાં જણાવવામાં આવ્યું છે કે, ૪ ફુટ ૧૦ ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન આદર્શ રીતે ૪૯-૫૪ કિલો, પાંચ ફુટની મહિલાઓનું વજન ૫૧-૫૭ કિલોગ્રામ હોવું જોઈએ. આવી જ રીતે મહિલાઓમાં પાંચ ફુટ એક ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન ૫૨-૫૮ હોવું જોઈએ.



શિયાળામાં તમારા ચહેરાની સુંદરતા વધારશે આ મેકઅપ ટિપ્સ

શિયાળામાં સુકા પવનના લીધે ત્વચાનો ભેજ છીનવાઇ જાય છે.તેમાં પણ મેકઅપ કરવો એટલે ત્વચા પર એકબીજી પરત ચડાવવી. પરંતુ ચિંતા ન કરો. આજે અમે તમારા માટે એવી મેકઅપ ટિપ્સ લઇને આવ્યા છીએ જેની મદદથી તમે શિયાળામાં પણ મેકઅપ કરી શકશો અને તમારી ત્વચા પણ ડ્રાય નહીં થાય

જેવી જ શિયાળાની શરૂઆત થાય છે, યુવતીઓ મેકઅપ કરવાનું છોડી દે છે. સુકા પવનના લીધે ત્વચાનો ભેજ છીનવાઈ જાય છે, તેમાં પણ મેકઅપ કરવો એટલે ત્વચા પર એક બીજી પરત ચડાવવી. પરંતુ ચિંતા ન કરો, આજે અમે તમારા માટે એવી મેકઅપ ટિપ્સ લઈને આવ્યા છીએ જેની મદદથી તમે શિયાળામાં પણ મેકઅપ કરી શકશો અને તમારી ત્વચા પણ ડ્રાય નહી થાય. શિયાળામાં પાઉડર ફાઉન્ડેશનનો ઉપયોગ ન કરો. તેના બદલે હાઈડ્રેટીંગ અથવા સ્ટેન ફીનીશ લીક્વીડ ફાઉન્ડેશન ટ્રાય કરો, જેનાથી તમારી ત્વચા સુકી નહી થાય. પાઉડરની તુલનામાં ક્રીમ આઈ શેડો અને ક્રીમ બ્લશ ઓનથી આંખોની સ્કીન ત્વચા વધારે ડ્રાય દેખાય છે. કેટલાક સમય બાદ આંખોની ત્વચા પર ડ્રાય પેચ દેખાય છે અને ગાલ પર કરચલીઓ સ્પષ્ટ દેખાય છે. જો તમે આઈલાઈનર લગાવવાનું પસંદ નથી કરતા, તો કલરફુલ પેન્સિલ લગાવી શકો છો. આજકાલ માર્કેટમાં કલરફૂલ આઈ પેન્સિલનું ચલણ ઘણું જ વધી ગયું છે. ફેસ પર તરત જ તાજગી લાવવા માટે તમારી લિપસ્ટિકનો રંગ બદલો. જો તમે નેચરલ કલરની લિપસ્ટિક લગાવી રહ્યા છો, તો લીપ કલર બદલીને રેડ શેડ્સ ટ્રાય કરી શકો છો. સરળતાથી બનતી કેટલીક નવી હેરસ્ટાઈલ અજમાવવા અને રેડ લિપસ્ટિક લગાવવા પર હોટ લુક આવશે. જો તમે તમારી આંખોને બ્રાઉન આઈશેડો લગાવવાનું પસંદ કરો છો. તે શેડમાં પીળા અથવા લાલ રંગના કેટલાક અંશ હોય છે, તેનાથી આંખો થાકેલી દેખાય છે. તેના બદલે કથ્થઈ રંગનો પ્યોર બ્રાઉન શેડ લગાવો, જેનાથી તમને નેચરલ લુક મળશે.

હાથની મહેંદીનો રંગ ઘેરોલ લાવવા માટે અજમાવો આ ઉપાય



લગ્નની સિઝન ચાલુ થઇ ગઈ છે અને આપણા દેશની સંસ્કૃતિ મુજબ જે યુવતીના લગ્ન થાય છે તે પોતાના હાથ અને પગ પર મહેંદી લગાવે છે. મહેંદી આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલી છે તેમજ આપણા દેશની દરેક યુવતીની પસંદ છે. જેના લગ્ન થાય છે તે યુવતી તો હાથ પર મહેંદી લગાવે જ છે પણ સાથે-સાથે તેની સખીઓ પણ પોતાના હાથ પર મહેંદી જરૂરથી લગાવે છે. પરંતુ કેટલીક યુવતીઓની ફરિયાદ હોય છે કે તેના હાથમાં મહેંદીનો રંગ નથી ચડતો, અને આપણે તો કહેવત છે કે, 'જેટલો ઘેરો મહેંદીનો રંગ તેટલો વધુ પ્રીતમનો પ્રેમ.' તો પછી તમારા હાથની મહેંદીનો રંગ ફિક્કો કેમ રહી જાય? તો ચાલો આજે અમે તમને જણાવીએ કે કઈ રીતે તમારા હાથની મહેંદીનો રંગ ઘેરો લાવશો. જ્યારે પણ તમે તમારા હાથમાં મહેંદી લગાવવા જઈ રહ્યા છો સૌ પહેલા તમારા હાથ સ્વચ્છ રીતે ધોઈ લો. ધ્યાન રાખો કે તમારા હાથ પર કોઈ પણ ઓઈલ લાગેલું ન હોય. ત્યાર બાદ કોઈ પણ બામ લઈને તમારી હથેળી પર લગાવી લો અને પછી હાથ પર મહેંદી લગાવો. તે સિવાય હાથ પર મહેંદી લગાવ્યા બાદ તે જ્યારે સુકાઈ જાય પછી મહેંદી કાઢી દો. પછી એક પેનમાં થોડા લવિંગ નાખો અને સ્ટવ પર ગરમ કરો. થોડી વાર ગરમ કર્યા બાદ તેમાંથી ધુમાડો નીકળવા લાગશે. સાવધાની સાથે તે પેન ઉપર તમારા હાથ તે રીતે રાખો કે તેમાંથી નીકળતો ધુમાડો તમારા હાથ પર આવે. મહેંદી લગાવતા પહેલા હાથને ટોનર વડે સારી રીતે સાફ કરી લો, જેથી તમારા હાથ પરનું વધારાનું નેચરલ ઓઈલ બહાર આવી જશે અને પછી મહેંદી લગાવવાથી તમારા હાથની મહેંદીનો રંગ ખીલશે. જ્યારે તમે મહેંદી સાવ કાઢી નાખો. ત્યાર બાદ નીલગીરીનાં તેલનાં ડ્રોપ લઈને હાથ પર મસાજ કરતા હોય તે રીતે લગાવો. નીલગીરીનાં તેલની સુગંધ પણ સારી હોવાથી તમને કોઈ સમસ્યા પણ નહી થાય અને મહેંદી પણ ખીલી ઉઠશે.

નારી પુરૂષ સમોવડી નહીં, વધુ સશક્ત

આપણી આસપાસ નજર કરીએ તો વિધુરો કરતાં વિધવાઓની સંખ્યા વધુ દેખાશે. હૃદયરોગની બીમારીઓ હોય કે કેન્સર અને એઇડ્સ જેવા જીવલેણ રોગ હોય પુરૂષ દર્દીઓની સંખ્યા પ્રમાણમાં વધુ જોવા મળે છે. જો કે પુરૂષ સમોવડી થવાની લાહ્યમાં સ્ત્રીઓ પણ હવે હાર્ટ અટેકને પોતાના શરીરમાં કાયમી વસવાટ કરાવી રહી છે, પરંતુ મેડિકલ ક્ષેત્રના માંધાતાઓ કહે છે કે જ્યાં સુધી શારીરિક, માનસિક અને ભાવનાત્મક બાબતોનો સવાલ છે, સ્ત્રી પુરૂષસમોવડી નહીં, પણ પુરૂષોથી વધુ મજબૂત અને સક્ષમ છે. આપણા સમાજમાં નાનપણથી જ આપણને એવી ગળથૂથી ચટાડી દેવામાં આવી છે કે નારી જાતિના હોવાને કારણે આપણે અબળા અને નબળા છે, પરંતુ વિજ્ઞાન એ વાતનો સાફ ઇન્કાર કરે છે. પુરૂષ શક્તિશાળી અને સ્ત્રી અબળા એવી માન્યતા આપણામાં ઘર કરી ગઈ છે એનું મુખ્ય કારણ કદાચ એ છે કે પુરૂષના સ્નાયુઓ વધુ મજબૂત હોય છે. તેની આ તાકાતને આપણે વધુ પડતું મહત્ત્વ આપી દીધું છે. એટલે કે સામાન ઉપાડવાનો હોય કે શારીરિક કામ કરવાના હોય તો ત્યાં સામાન્ય રીતે પુરૂષનું શરીર વધુ શક્તિશાળી પુરવાર થાય છે, પરંતુ વિજ્ઞાન કહે છે કે સ્ત્રીના શરીરની પ્રકૃતિએ જ એવી રચના કરી છે કે તે વધારે ઘસારો સહન કરી શકે એટલું જ નહીં, પણ બહારથી રોગનું આક્રમણ થાય તો સ્ત્રીનું શરીર એનો વધુ સારી રીતે સામનો કરી શકે છે.

સ્ત્રીના શરીરમાં કુદરતે એવી શક્તિઓ મૂકી છે જે આવા પ્રકારના રોગ કે જીવાણુઓ પર મહાત મેળવી ભીતરથી જ હીલિંગ અથવા સારવાર કરી લે છે. આની પાછળનું મુખ્ય કારણ એ છે કે બાળકને એટલે કે માનવજાતિને જન્મ આપવાનું કપરું કામ પ્રકૃતિએ સ્ત્રીના શરીરને સોંપ્યું છે. માદાનું શરીર વધુ સક્ષમ હોય તો જ તે નવા સ્વસ્થ જીવને જન્મ આપી શકે. શરીરશાસ્ત્ર અને મેડિકલ ક્ષેત્રના વૈજ્ઞાનિકો નારીનું શરીર વધુ સક્ષમ હોવા માટેનું આ તાર્કિક કારણ આપે છે.બ્રિટનમાં થયેલા સર્વેક્ષણ મુજબ ત્યાં સ્ત્રીઓ પુરૂષો કરતાં સરેરાશ ૪.૨ વર્ષ વધુ જીવે છે. અલબત્ત અગાઉ સ્ત્રીઓનું સરેરાશ આયુષ્ય પુરૂષો કરતાં ૬ વર્ષ વધુ હતું જે હવે ઘટી ગયું છે કારણ કે સ્ત્રીઓ પણ પુરૂષ સમોવડી થવાની લાહ્યમાં પુરૂષોની જ કેટલીક બૂરી આદતો અપનાવી રહી છે. વૈજ્ઞાનિકો કહે છે કે મહિલાઓ પુરૂષો કરતાં ફક્ત લાંબુ જ નથી જીવતી પણ પુરૂષોની સરખામણીમાં તેમની શારીરિક કે માનસિક આંચકાઓ, ઈન્ફ્રેક્શન, સેપ્સિસ અને માનસિક આઘાત સહન કરી શકવાની ક્ષમતા અનેકગણી વધારે હોય છે. સ્ત્રીઓમાં પ્રકૃતિદત્ત આ ક્ષમતાઓ ઉપરાંત કેન્સર સામે લડવાની અને અન્ય રોગ સામે ઝઝૂમવાની પ્રતિકારાત્મક શક્તિ તેના રંગસૂત્રોને આભારી છે. નારીના શરીરમાં બે એક્સ ક્રોમોઝોમ અને નરના શરીરમાં એક્સ અને વાય ક્રોમોઝોમ હોય છે. બે એક્સ ક્રોમોઝોમનું કોમ્બિનેશન તેના શરીરને ભીતરથી વધુ મજબૂત બનાવે છે. જો કે આ બધા સંશોધનો આપણી પાસે ન પણ હોય તોય નવ માસ બાળક જે શરીરની અંદર રહે છે, ઉછરે છે એ શરીર વધુ શક્તિશાળી છે એ હકીકતની આપણને જાણ છે જ. માનવીની પીડા સહન કરવાની શક્તિ ૪૫ ડેલ (પીડા માપવા માટેનું યુનિટ) છે, જ્યારે



પ્રસૂતિ વખતે સ્ત્રી ૫૭ ડેલ પીડા સહન કરે છે. સાદા શબ્દોમાં કહેવું હોય તો ૨૦ હાડકાંઓમાં ફ્રેક્ચર થાય ત્યારે જેટલી પીડા થાય એટલી પીડા બાળકની પ્રસૂતિ વખતે માતાને થતી હોય છે. જગતની મોટાભાગની સ્ત્રીઓ એકથી વધુ વખત આ પીડાને ભોગવતી હોય છે! વિજ્ઞાન શાખામાં આજકાલ મોટાપાયે જેનેટિક સાયન્સમાં સંશોધનો થઈ રહ્યા છે. જેનેટિક સાયન્સના જગતમાં છેલ્લા કેટલાંક વર્ષોમાં જે સંશોધને ચકચાર જગાડી છે તે એ છે કે નર અથવા તો છોકરામાં જે વાય ક્રોમોસોમ અથવા રંગસૂત્ર કે પછી અંગ્રેજીમાં જેને માટે જીન્સ શબ્દનો ઉપયોગ થાય છે એ રૂ જીન્સ નબળા પડી રહ્યા છે. વૈજ્ઞાનિકોમાંનો એક વર્ગ તો એવો દાવો કરી રહ્યો છે કે પુરૂષના સર્જન માટે જવાબદાર વાય ક્રોમોઝોમ દિવસે અને દિવસે એટલો નબળો પડતો જાય છે કે જો આ સમસ્યાનો ઉકેલ નહીં મળે તો આવનારા થોડાક હજાર વર્ષોમાં પૃથ્વી પર પુરૂષ શોધ્યો નહીં જડે. પ્રોફેસર જેની ગ્રેવ્સ નામની વૈજ્ઞાનિકનું કહેવું છે કે આ પૃથ્વી પરથી પુરૂષોનું નિકંદન નીકળી જાય એ પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. એક ઓસ્ટ્રેલિયન વૈજ્ઞાનિકનું કહેવું છે કે જે રંગસૂત્ર વ્યક્તિને પુરૂષ જાતિ પ્રદાન કરે છે એ પોતાનામાં જ બહુ નાજુક છે. (હવે મહિલાઓને કે છોકરીઓને નાજુક અને પુરૂષોને બળવાન કહેવા પહેલાં બે વાર વિચારવું પડશે નહીં!) આના માટે વૈજ્ઞાનિકો એવું કારણ આગળ ધરે છે કે એક્સ ક્રોમોઝોમમાં વાય ક્રોમોઝોમ કરતાં ઓછા જીન્સ છે. માનવજાતિના આરંભકાળમાં આવી સ્થિતિ નહોતી, પણ સમય જતાં વાય ક્રોમોઝોમમાં જીન્સની સંખ્યા ઘટી ગઈ છે.હવે એ તો આપણે બધા જાણી જ ચૂક્યા છીએ કે ગર્ભમાં બાળકની જાતિ એટલે કે બાળક છોકરી હશે કે છોકરો એ માતાનું શરીર નહીં પણ પુરૂષના વીર્યમાંના એસઆરવાય નામનું જીન નક્કી કરે છે જેને મેઇલ માસ્ટર સ્વીચ કહે છે!

જેનેટિક સાયન્ટિસ્ટોના કહેવા મુજબ વાય ક્રોમોઝોમ નબળો અથવા તો વિમ્પી જીન થઈ ગયો છે. કેનબેરા યુનિર્વિસટીની પ્રોફેસર ગ્રેવ્સનું કહેવું છે કે પુરૂષમાં એક્સ ક્રોમોઝોમ મજબૂત હોવા છતાં એકલો-અટૂલો છે જ્યારે માદા અથવા તો છોકરીમાં તેની પાસે તેની જ જાતિનો દોસ્ત (કે પછી આપણે તેને બહેનપણી કહીશું) છે.વાય ક્રોમોઝોમ નબળો પડયો હોવાની વાત કરતાં વૈજ્ઞાનિકોનું કહેવું છે કે જેમ પરશુરામે પૃથ્વીને નક્ષત્રી અથવા તો ક્ષત્રિય જાતિનું નિકંદન કરી ક્ષત્રિયોવિહોણી કરી નાખી હતી એમ પ્રકૃતિ પૃથ્વીને પુરૂષવિહોણી બનાવવાની દિશામાં આગળ વધી રહી છે.લંડનની શનલ ઈન્સ્ટીટયૂટ ફેર મેડિકલ રિસર્ચના સેક્સ ક્રોમોઝોમ વિષયના નિષ્ણાત પ્રોફેસર રોબિન લોવેલ-બડગેનું કહેવું છે કે આ વાય ક્રોમોઝોમનું ક્ષીણ થવું તબક્કાવાર સ્ફેટમાં થશે. જોકે તેઓને લાગે છે કે આમાં ચિંતાજનક કશું નથી.પુરૂષજાતિનું નિકંદન નીકળી જશે કે નહીં એ અંગે વૈજ્ઞાનિકોમાં મતભેદ છે પણ એ બધી પળોજણમાં આપણે ન પણ પડીએ અને આપણને આસપાસ જે નજરે પડે છે એ જોતા વાય ક્રોમોઝોમ નબળો પડયો હોવાની વાતને નકારી શકાતી નથી.વૈજ્ઞાનિકો કે ગાયનેકોલોજિસ્ટને પૂછશો તો તેઓ તો તમને કહેશે જ પણ કોઈ વયોવૃદ્ધ દાદીમાને પૂછશો તો તે પણ કહેશે કે જેટલાં કુદરતી ગર્ભપાત થાય છે એમાં મોટાભાગના છોકરાઓ હોય છે છોકરીઓ નહીં. જુદા-જુદા બાળરોગને કારણે પણ જેટલા બાળકોના મૃત્યુ થાય છે એમાં ય છોકરાઓની સંખ્યા જ વધુ હોય છે એવું તારણ આવ્યું છે. હા, એ જુદી વાત છે કે કુલ બાળમરણની સંખ્યામાં છોકરીઓ વધુ હોય છે કારણ કે તેમની અવગણના કરવામાં આવે છે અને તેમના પોષણ વિશે બહુ ધ્યાન આપવામાં આવતું નથી કારણ કે આપણા સમાજમાં દીકરી હજુ ય બોજ જ ગણાય છે.પૃથ્વી અને જેનેટિક સાયન્સને બદલે સાવ ઘરઆંગણે આવીએ તો જેમના ઘરમાં પરણાવાલાયક દીકરીઓ છે તેમના મા-બાપને પૂછશો તો તેઓ એક જ ફિયાદ કરતા જણાશે કે અમારી દીકરી જેટલી ભણેલી છે એટલા ભણેલા કે પાણીદાર મૂરતિયાઓ જ્ઞાાતિ કે પેટાજ્ઞાાતિમાં તો ઠીક પણ પરજ્ઞાાતિમાં પણ મળતા નથી. છોકરીઓ વધુ શિક્ષણ મેળવે છે, કારકિર્દીમાં પણ કાઠું કાઢી રહી છે એ તો ઉડીને આંખે વળગે એવી વાત છે એના માટે આપણે ન તો વૈજ્ઞાાનિકો કે ન તો સમાજશાસ્ત્રીઓ પાસે દોડવાની જરૂર છે.તમારા સંતાનની સ્કૂલ પાસેથી જૂન-જુલાઈ મહિનામાં પસાર થવાનું થાય તો જોજો કે નોટિસ બોર્ડ પર સ્કૂલના નોટિસ બોર્ડ પર સૌથી વધુ ટકા મેળવનારા વિદ્યાર્થીઓની યાદીમાં તમને છોકરીઓના ચહેરા વધુ જોવા મળશે.બેન્કમાં કે મોટી-મોટી ઈન્ડસ્ટ્રીઓથી માંડીને દરેક ઓફિસોમાં મહિલાઓએ પુરૂષોની માલિકીની ગણાતી ખુરસીઓ પર સજ્જડ આસન જમાવી લીધેલું દેખાશે. આઈસીઆઈસીઆઈ બેન્કના મેનેજિંગ ડાયરેક્ટર પદ પર ચંદા કોચર છે જેનો વાર્ષિક પગાર કરોડોમાં છે. એક્સિસ બેન્કની સીઈઓ શિખા શર્મા છે. બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝમાં વિનીતા બાલી, બાયોકોનની ચેર પર્સન અને મેનેજિંગ ડાયરેક્ટર કિરણ મઝુમદાર-શો, ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીમાં એકતા કપૂર, ઓલિમ્પિકમાં મેડલો લાવનારી સિંધુ, સાક્ષી અને દીપાપ અનેક નામ ગણાવી શકાય એમ છે.મુંબઈના એક જાણીતા ગાયનેકોલોજિસ્ટ કહે છે કે ક્યાંક કંઈક ખામી સર્જાઈ હોવાનું તો સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે કારણ કે અમારી પાસે સંતાન ન થતું હોય એવા દંપતીઓની સંખ્યામાં દરરોજ વધારો થઈ રહ્યો છે અને મોટાભાગના કિસ્સાઓમાં શારીરિક કે માનસિક સ્તરે ખામી સ્ત્રીઓ કરતાં પુરૂષોમાં વધુ જણાઈ રહી છે.ખાનદાનના ચિરાગના ભૂખ્યા પરિવારો અને ખાસ તો પુરૂષો અલ્ટ્રાસાઉન્ડ જેવી ટેક્નોલોજીની મદદથી ગર્ભસ્થ શિશુ છોકરી છે કે છોકરો એ જાણીને ગર્ભમાં બાળકીઓની હત્યા કરાવી રહ્યા છે પણ કદાચ તે લોકો નથી જાણતા કે પ્રકૃતિએ નારીને સશક્ત તો બનાવી જ છે પણ જો તે આ પૃથ્વીને પુરૂષવિહોણી કરવાનો નિર્ધાર કરશે તો કોઈ તેને રોકી નહીં શકે. આ ધરા પુરૂષવિહોણી થશે કે નહીં એ તો કદાચ થોડાક હજજાર વર્ષોનો સમય કહી શકશે પણ અત્યારે દરેક ક્ષેત્રમાં મહિલાઓ મક્કમ પગલે આગળ વધી રહી છે અને પુરૂષો પાછળ ધકેલાઈ રહ્યા છે.સ્ત્રી પુરૂષ સમવોડી થાય એ ભૂતકાળની વાત થઈ જશે અને પુરૂષોએ સ્ત્રીસમોવડી બનવા મથવું પડશે એવું ચિત્ર નિશ્ચિતપણે સામે આવી રહ્યું છે.

હા તારી પત્ની સાથે મારુ અફેર છે,પરંતુ તારી પત્ની ફોન કરે છે તો હું શું કરુ?

સાળા-સાઢુ સાથે પ્રેમીને સમજાવવા ગયેલા પતિ પર પ્રેમીએ હુમલો કરતાં ખળભળાટ

અમદાવાદ

નરોડા વિસ્તારમાં પતિ,પત્ની અને પ્રેમીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં પતિ પોતાના સાળા અને સાઢુ સાથે પ્રેમીને સમજાવતા જતા પ્રેમીએ હુમલો કરી દીધો હોવાની ઘટના સામે આવી છે. આ અંગે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે, આરોપી નરોડા વિસ્તારમાં એક કલાસીસ ચલાવે છે અને ફરિયાદીની પત્ની ત્યાં ડાન્સ ટીચર તરીકે કામ કરતા હતા. છેલ્લા એક વર્ષથી ફરિયાદીની પત્નીએ ત્યાંથી નોકરી છોડી પોતાનો ડાન્સ કલાસ ચાલુ કર્યો છે. ત્યાં આરોપી જીમનાસ્ટિકનો કલાસ લેતો હતો. ફરિયાદીને જાણ થઈ કે, તેની પત્ની અને આરોપી વચ્ચે અફેર છે. જેથી ફરિયાદીએ આરોપીને નોકરીમાંથી કાઢી મુક્યો હતો.

જે બાદ ૮-૨-૨૦૨૦નાં રોજ ફરિયાદીએ પોતાની પત્નીનો મોબાઈલ ચેક કર્યો હતો ત્યારે આરોપીનાં મોબાઈલ નંબર પરથી પત્ની પર ફોન આવ્યો હતો. આ વાત તેને પોતાની પત્નીને કરતા તેની પત્નીએ જાણવેલ કે, તમારી પાસે પુરાવા હોય તો તેને બોલાવી વાત કરી શકો છો. જેથી ફરિયાદીએ આરોપીને ફોન કરી મળવા માટે કહ્યું હતું. ત્યારે આરોપીએ જણાવેલ કે, હું તને મળવા આવુ છુ અને તારી પાસે પુરાવા હોય તો મને બતાવજે. ત્યાર બાદ આરોપીએ ફરિયાદીને ૧૦૮ પાસે મળવા માટે બોલાવ્યો હતો ત્યારે ફરિયાદીએ પોતાના સાળા અને સાઢુ ભાઈને સાથે રાખી ત્યાં મળવા માટે ગયા હતા. વાતચીત દરમ્યાન ફરિયાદીએ કહેલ કે, આજો મોબાઈલ જેમાં તારો ફોન આવ્યો છે. જેથી આરોપીએ કહ્યુ કે, હા તારી પત્ની સાથે મારુ અફેર છે. પરંતુ તારી પત્ની ફોન કરે છે તો હું શું કરુ? અમે કહી ઉશ્કેરાઈ ગયો અને ત્યાર બાદ આરોપી અને તેનો મોટા ભાઈએ બન્ને મળી ફરિયાદીને માર માર્યો અને ધમકી આપી. આ મામલે નરોડા પોલીસે આઈપીસી ૩૨૩, ૪૨૭, ૧૧૪, ૫૦૬(૨), ૨૯૪(બી) કલમ હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

અમદાવાદના મેમકો નજીક એસટી બસની અડફેટે મહિલાના મોતથી ચકચાર

અમદાવાદ

અમદાવાદના મેમકો નજીક એસટી બસની અડફેટે આવવાથી મહિલાનું મોત થયું છે. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. હાલમાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અ ઘટનાની વિગતો જોઈએ તો અકસ્માતમાં એક મહિલાનું મોત થયું છે. આ અંગે મળેલી પ્રાથમિક માહિતી મુજબ, મેમકો પાસે શકીનાબહેન મન્સુરી નામની મહિલા એસ.ટી. બસમાં ચઢવા જઈ રહી હતી ત્યારે બસની ટક્કર વાગવાથી નીચે પડી ગઈ અને તેના પરથી બસ પસાર થઈ જતા મહિલાનું મોત થયું હતું. આ ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. આ અંગે જાણ થતાં ઈ ડિવિઝન પોલીસે ઘટના સ્થળે પહોંચી અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ હોટલ ભાજપ ઉપપ્રમુખની હોવાનો ખુલાસો

પોલીસે ડમી ગ્રાહક મોકલી ગોલ્ડન ક્રાઉન હોટલમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ કર્યો

જામનગર

જામનગરમાં પંચવટી સર્કલ પાસે આવેલી હોટલ ગોલ્ડન ક્રાઉનમાં કુટણખાનું ચાલતું હતુ. જે મામલે પોલીસે ત્યા ડમી ગ્રાહક મોકલીને પર્દાફાશ કર્યો છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ હોટલ શહેરના ભાજપ ઉપપ્રમુખની છે. હોટેલના રૂમ નબંર ૨૦૩માંથી ડમી ગ્રાહક બહારના રાજયની એક યુવતી સાથે મળી આવ્યો હતો. ડમી ગ્રાહકને હોટેલના રીસેપ્સન પાસે બેસાડીને દિનેશ નામના શખ્સે તમામ સુવિધાઓ પૂરી પાડી હતી. તેવી હકીકત સામે આવી છે. અને રાકેશ નામનો શખ્સ આ હોટલ ચલાવતો હતો તેવું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ઉલ્લેખનિય છે કે પોલીસે જે હોટેલમાંથી દરોડા પાડીને ત્યાથી કુટણખાનું ઝડપી પાડ્યું તે હોટેલ ભાજપના ઉપપ્રમુખ આશિષ કંટારીયાની છે.

પ્રાપ્ત વિગતો અનુસાર જામનગરમાં હોટલ ગોલ્ડન ક્રાઉન ખાતેથી રૂમ ભાડે રાખીને ચલાવાતું કૂટણખાનું ઝડપાયું છે. અને સૌથી મહત્વ પૂર્ણ વાત એ છે કે, આ હોટલ ગોલ્ડન ક્રાઉન કે જેમાં કૂટણખાનાનો પર્દાફાશ થયો છે તે શહેર ભાજપના ઉપપ્રમુખ આશિષ કંટારીયાની હોવાનું સામે આવ્યું છે.

આ હોટલ શહેરના પંચવટી સર્કલ પાસે આવેલી છે. જેમાં પોલીસે બે ડમી ગ્રાહકો મોકલ્યા હતા. જેમાં એક ડમી ગ્રાહક રૂમ નંબર ૨૦૩માંથી બહારના રાજ્યની યુવતી સાથે મળી આવ્યો હતો. ડમી ગ્રાહકને હોટલના રિસેપ્શન પાસે બેસેલા એક વ્યક્તિએ રૂપિયા લઈને યુવતીની વ્યવસ્થા કરી આપી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મગનલાલ ગાગળા નામનો શખ્સ આ રેકેટ ચલાવતો હતો.

અમરેલીમાં બે જૂથ વચ્ચે છરી-પાઈપથી મારામારીઃ ૧ યુવકનું મોત

અમરેલી

અમરેલીના જેસીંગપરા વિસ્તારમાં ખારાના કાંઠે ગત મોડી રાત્રે બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. બંને જૂન વચ્ચે છરી અને પાઈપથી મારામારી થતા પ્રફુલભાઈ માંડાણી (ઉ.વ.૩૮)નું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ પોલીસ દોડી ગઈ હતી અને યુવાનના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. ફરી આ વિસ્તારમાં તંગદીલી ન થાય તે માટે બંદોબસ્ત ગોઠવી દીધો હતો. હત્યા પાછળનું કારણ હજી સુધી જાણી શકાયું નથી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમરેલીમાં યુવકની હત્યાની આ ઘટના જેસિંગપરા વિસ્તારમાં શેરી નંબર ૨માં મોડી રાતે બની હતી. સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલીના જેસીંગપરા શેરી નંબર ૨માં રહેતા પ્રફુલભાઈ જયંતીભાઈ મંડોરા (ઉ. વ. ૩૭) નામના યુવકની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી ઘાતકી હત્યા કરી નાખવામાં આવી હતી. આ યુવાન રાત્રીના સમયે વાળુ પાણી કરી ઘરની બહાર શેરીમાં પાનના ગલ્લે માવો ખાવા ગયો હતો. અહીંના રંગપુર રોડ પર રામાપીરના મંદિર પાસે હત્યારા યુવાને પ્રફુલભાઈને છાતી, પીઠ અને હાથ પર ચાર ઘા મારી ગંભીર રીતે ઘાયલ કરી દેતા તેમને ખાનગી વાહનમાં સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં થોડીવારમાં તેમણે સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. બનાવને પગલે અમરેલી સીટી પીઆઈ ખેર પોલીસ કાફલા સાથે સિવિલ હોસ્પિટલે દોડી આવ્યા હતા.

મહિલા-પુરુષ સહિત ૫૦૩ સ્પર્ધકોએ ભાગ લીધો

ગિરનારમાં ૧૩મી રાષ્ટ્રીય આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ

જૂનાગઢ

ગિરનારમાં ૧૩મી રાષ્ટ્રીય આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આજે ભવનાથમાં આયોજન કરવામાં આવ્યું હતું આજે વહેલી સવારે આ સ્પર્ધાને ફ્લેગ ઓફ આપીને શરૂઆત કરાઈ હતી સ્પર્ધા સતત ૧૩માં વર્ષે આયોજિત થઈ રહી છે. જેમાં આ વખતે સ્પર્ધાને સંપૂર્ણ ડિજીટલાઈઝેશનના માધ્યમથી યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેમાં આજે સફળતા મળી હોય તેવું લાગી રહ્યું છે. દરેક સ્પર્ધકની સાથે ખાસ તૈયારી કરવામાં આવેલી એક માઈક્રોચીપ જોડવામાં આવી છે. દરેક સ્પર્ધક કેટલા સમયમાં સ્પર્ધા પૂર્ણ કરે છે તેનો સચોટ સમય દરેક સ્પર્ધકના વ્યક્તિગત મોબાઈલમાં મેસેજના મારફતે જશે માટે આ સ્પર્ધા વિશ્વસનીયતાની ગુણવત્તામાં પણ ખૂબ જ ખરી ઉતરી હોય તેવું લાગી રહ્યું છે.

આ સ્પર્ધામાં ગુજરાત સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર, હરિયાણા, ઉત્તરાખંડ, તેલંગાણા, આંધ્ર પ્રદેશ સહિતના રાજ્યોમાંથી મહિલા અને પુરુષ મળીને કુલ ૫૦૩ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધકો પણ પ્રથમ વખત જૂનાગઢમાં ડિજિટલ માધ્યમોના ઉપયોગથી યોજવામાં આવેલી સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. જેને લઈને સ્પર્ધકોમાં પણ ખુબ જ ઉત્સાહ જોવા મળતો હતો.

ફેસબુક પર ફ્રેન્ડ બનાવી પોતે પરણેલો હોવા છતાં ખોટુ બોલી શખ્સે યુવતી પર દુષ્કર્મ આચર્યું

રાજકોટ

શહેરમાં દુષ્કર્મના બે કિસ્સા સામે આવ્યા છે. જેમાં શહેરની એક પુખ્ત વયની યુવતીને ફેસબૂક મારફત ફ્રેન્ડ બનાવ્યા બાદ જામનગરના શખ્સે પોતે પરણેલો હોવા છતાં ખોટુ બોલી ખોટા પુરાવા ઉભા કરી યુવતી સાથે મરજી વિરૂધ્ધ સંબંધો બાંધી મારકૂટ કરી ધમકી આપતાં અને બીજા ત્રણ શખ્સોએ મદદગારી કરતાં યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં જામનગરના જયદિપ દેવાયતભાઈ ડવ, અજય ભાદરકા, દર્શક ક્રાંગા અને અનિલ બાધીયા સામે IPC ૩૨૩, ૩૭૬, ૪૨૦, ૪૯૩, ૪૯૫, ૫૦૪, ૫૦૬ (૨), ૧૪ મુજબ ગુનો નોંધાયો છે.

ફરિયાદમાં જણાવ્યું છે કે, યુવતીનો ફેસબૂક દ્વારા જામનગરના જયદિપ ડવ સાથે ૨૦૧૯માં પરિચય થયો હતો. એ પછી વાતચીત શરૂ થઈ હતી. પરંતુ જયદિપે પોતાના લગ્ન છૂપાવી રાખ્યા હતા અને છૂટાછેડા થઈ ગયાનું કહી યુવતીને વિશ્વાસમાં લીધી હતી. એ પછી પોતાનું લગ્ન જીવન ચાલુ હોવા છતાં લગ્ન નોંધણીના ફોર્મમાં ખોટી વિગતો ભરી લગ્નનો ખોટો પુરાવો ઉભો કર્યો હતો. તેમજ ભોગ બનેલી યુવતી આરોપી જયદિપની પત્ની છે તેવું મનાવી દુષ્કર્મ આચર્યું હતું. જયદિપે મરજી વિરૂદ્ધ સંબંધ બાંધી તેમજ દારૂ પી મારકુટ કરી ધમકી આપી હતી. આ ઉપરાંત બીજા ત્રણ આરોપીઓએ પણ યુવતીને ફસાવવામાં જયદિપને મદદગારી કર્યાનો આરોપ મુકાયો છે.

૧૬ વર્ષની સગીરા પર કારમાં દુષ્કર્મનો પ્રયાસ

બીજા બનાવમાં મહિલા પોલીસ સ્ટેશનમાં ૧૬ વર્ષની સગીરાને ઈન્સ્ટાગ્રામ થકી ફ્રેન્ડ બનાવી સત્યજીતસિંહ ઝાલા નામના શખ્સે ફસાવી પોતાની કારમાં બેસાડી બિભત્સ અડપલા કરી તેણીને નિર્વસ્ત્ર કરી તેમજ સત્યજીતસિંહે પોતે અડધુ પેન્ટ ઉતારી દૂષ્કર્મની કોશિશ કરતાં અને આ વિશે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાંખશે તેવી ધમકી આપતા ફરિયાદ થઈ છે. ભોગ બનેલી બાળા ધોરણ-૧૧માં ભણે છે. ૨૨ જાન્યુઆરીના રોજ સાંજે સાડા આઠેક વાગ્યે તેણીને આરોપી કારમાં બેસાડી માધાપર ચોકડી, મોરબી રોડ બાયપાસ પર પુલ નીચે લઈ ગયો હતો અને બળાત્કારનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ મુકાયો છે.

ચીનમાં કોરો પહેલા પાનાથી ચાલુ

કારણે મોત થયુ છે. જાપાનના વિદેશ મંત્રાલયે ટોક્યોમાં એક નિવેદનમાં વુહાન શહેરમાં પોતાના નાગરિકના મૃત્યુની સૂચના આપી હતી. મંત્રાલયે એક નિવેદનમાં કહ્યુ કે આશરે ૬૦-૬૫ વર્ષના આ વ્યક્તિને ગંભીર ન્યૂમોનિયાની સ્થિતિમાં વુહાનની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હોસ્પિટલે તેના મૃત્યુની સૂચના ચીન સ્થિત જાપાની દૂતાવાસને આપી છે.

કોરોના વાયરસ પહેલા પાનાથી ચાલુ

રેમ્યાના પ્રસ્તુતકર્તાઓ આ વિચારને સંપૂર્ણપણે નકારે છે. ચેનલ પર આવેલ એક્સપર્ટ્સ કહે છે કે કોરોના વાઈરસને કૃત્રિમ રીતે તૈયાર કરવામાં આવ્યો છે અને તેની પાછળ અમેરિકાની ગુપ્તચર સંસ્થાઓ તેમ જ ફાર્માસ્યુટીકલ કંપની જવાબદાર છે. આ અગાઉ રશિયા મીડિયા અને અધિકારીઓએ એવો દાવો કર્યો હતો કે અમેરિકાના જયોર્જીયામાં એક પ્રયોગશાળા તૈયાર કરવામાં આવી છે, જ્યાં વ્યક્તિ પર જૈવિક હથિયારોથી પરિક્ષણ કરવામાં આવતુ હતું.

ભાજપ કાર્યકરે છેલ્લા પાનાથી ચાલુ

ધારાસભ્ય સહિત ગ્રુપ મેમ્બર મહિલાઓ દ્વારા કિશોરને ગ્રુપમાંથી બહાર કાઢવાની માંગણી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, એકબાજુ મોદી સરકાર દ્વારા પોર્ન વેબસાઈટ અને સેક્સ વીડિયો પર લગામ લગાવવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તો આવા અશ્લીલ વીડિયો શેર કરવા એ પણ એક કાનૂની અપરાધ છે. તેવામાં ખુદ ભાજપનો જ કાર્યકર્તા જો આ પ્રકારે અશ્લીલ વીડિયો શેર કરતો હોય અને તે પણ મહિલા કાર્યકર્તાઓ હોય તેવા ગ્રૂપમાં તેનાથી વધારે અશોભનીય વાત ન હોય શકે. અને એ વાત પણ ઉલ્લેખનીય છે કે, ભાજપમાં અવારનવાર આવા અશ્લીલકાંડ સામે આવતાં જ રહે છે. ભાજપના ધારાસભ્ય હોય કે પછી નાનામાં નાનો કાર્યકર જો આવા કાંડ કરતો હોય તો ભાજપને પોતાનામાં આત્મમંથન કરવાની તાતી જરૂર છે.

સિવિલમાં છેલ્લા પાનાથી ચાલુ

બપોરે ૨ થી પના સમયગાળામાં પોતાના રૂમની બાજુમાં આવેલા ૪૦૧ નંબરના ખાલી રૂમમાં પ્લાસ્ટીકની દોરીથી પંખા ઉપર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.રોનકના રૂમ પાર્ટનરોને બનાવની જાણ થતાં કોલેજ સત્તાવાળાઓને જાણ કરી હતી. દરમિયાન પોલીસ અને રોનકના પરિવારજનોને બનાવની જાણ કરી હતી. પરિવારજનોએ જ્યાં સુધી કોલેજમાં ન પહોંચીએ ત્યાં સુધી રૂમ બંધ રાખવા માટે પોલીસ અને કોલેજના સત્તાવાળાઓને સુચના આપવામાં આવી હતી. જેના કારણે મોડી રાત્રે પરિવારજનો કોલેજમાં આવ્યા બાદ પોલીસે રૂમ ખોલ્યો હતો. અને લાશનો કબજો લઈ સાવલી જમનોત્રી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી.

સલડી ગામે બે કાર સામ-સામે અથડાતાં બે લોકોના મોતઃ ચારનો બચાવ

સલડી

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી ગામ પાસે એક દર્દનાક અકસ્માતની ઘટના સામે આવી છે. બે કાર સામસામે ધડાકાભેર ટકરાતાં બંને કારમાં આગ લાગી ગઈ હતી. આ અકસ્માતમાં બે લોકો આગમાં ભડથું થઈ ગયા છે. જ્યારે સ્થાનિકોએ કાચ તોડીને ચાર લોકોને બચાવી લીધા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે અમરેલીની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની વિગતમાં વાત કરીએ તો, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી અને લાલાવદર વચ્ચે માનસી ફૂડ ફેક્ટરી પાસે આ અકસ્માત સર્જાયો હતો. મોડી રાત્રે બે કાર સામસામી ટકરાયા બાદ બંનેમાં આગ ફાટી નીકળી હતી. જેને લીધે બે વ્યક્તિઓનાં મોત નિપજયા હતા. મૃતકો પૈકી એક વરસડાનો મેહુલ નામનો યુવાન હતો. જ્યારે બીજાનું નામ જાણવા મળી શક્યું નથી.

તો આ અકસ્માતમાં ૪ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ચારેયને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દર્દનાક અકસ્માતની જાણ થતાં જ કલેક્ટર સહિત પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તો ફાયરબ્રિગેડે પણ તાત્કાલિક ફાયરબ્રિગેડ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. અને કારમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો.

ખેડાના ઠાસરામાં મદીના મસ્જિદમાં ધડાકોઃ ૧ કાશ્મીરી યુવક ઘાયલ, ૩નો બચાવ

ખેડા

ખેડાના ઠાસરા ગામમાં મદીના મસ્જિદમાં ભેદી ધડાકો થયો હતો. આ મસ્જિદમાં ૪ કાશ્મીરી યુવાનો હતા જેમાંથી ધડાકામાં એક કાશ્મીરી યુવાન ગંભીર રીતે ઘાયલ થયો છે જયારે અન્ય ૩ યુવાનોને બચાવી લેવાયા છે.


ખેડા ઠાસરા મદીના મસ્જિદમાં ભેદી ધડાકો છતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. ભેદી ધડાકામાં એક યુવકને ગંભીર ઈજા પહોંચી છે તો અન્ય ૩ યુવકનો આબાદ બચાવ થયો છે. સવારે નમાજ બાદ મસ્જિદમાં ધડાકો થયો હતો. હાલ ગેસ બોટલમાં ગળતરથી ધડાકો થયાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. આગ સાથે ધડાકો થયાનું પ્રાથમિક તારણ કાઢવામાં આવ્યુ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર મંદિરમાં ૪ કાશ્મીરી યુવાનો રહેતા હતા જેમાંથી એક યુવક ગંભીર રીતે દાઝી ગયો છે. ધડાકાની ઘટનામાં ૩ કાશ્મીર યુવકોનો બચાવી લેવામાં આવ્યા છે. આ ચાર કાશ્મીર યુવાનો મસ્જિદમાં રહેતા હતા.

ધડાકાની ઘટનાના પગલે ઠાસરા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ફ્રજીન્સહિતની તપાસ એજન્સીઓને જાણ કરાઈ છે.

સિક્સર કિંગ યુવરાજનો મહિલા ક્રિકેટરે શાનદાર કેચ પકડ્યો

બુશ ફાયર મેચઃ પોઈન્ટિંગ ઈલેવનનો ગિલક્રિસ્ટ ઈલેવન વિરુદ્ધ ૧ રનથી વિજય



મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના જંગલમાં લાગેલી ભીષણ આગ માટે ભંડોળ એકત્ર કરવા પોન્ટિંગ ઈલેવન અને ગિલક્રિસ્ટ ઈલેવન વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં પોન્ટિંગ ઈલેવનનો ૧ રનથી શાનદાર વિજય થયો હતો. પોન્ટિંગ ઈલેવને પ્રથમ બેટિંગ કરતાં ૧૦ ઓવરમાં ૫ વિકેટના નુકસાન પર ૧૦૪ રન કર્યા હતા, જેના જવાબમાં ગિલક્રિસ્ટ ઈલેવન ૧૦ ઓવરમાં ૩ વિકેટના નુકસાન પર ૧૦૩ રન જ બનાવી શકી હતી. આ મેચમાં કેટલીક મહિલા ખેલાડીએ પણ ભાગ લીધો હતો. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા બુશફાયર ક્રિકેટ બેશ નામથી યોજાયેલી ચેરિટી મેચમાં ભારતીય દિગ્ગજોએ પણ યોગદાન આપ્યું હતું. સચિન તેંડુલકરે પોન્ટિંગની ટીમને કોચિંગ આપ્યું, જ્યારે યુવરાજ સિંહ ગિલક્રિસ્ટ ઈલેવન તરફથી રમ્યો હતો. યુવરાજે આ મેચમાં ૬ બોલમાં માત્ર ૨ રન જ બનાવ્યા હતા અને મહિલા ખેલાડીના હાથે કેચ આઉટ થયો હતો. મેચમાં ગિલક્રિસ્ટ ઈલેવને ૧૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવી ૧૦૪ રન કર્યા હતા. જેમાં બ્રાયન લારા ૧૧ બોલમાં ૩૦ અને પોન્ટિંગ ૧૪ બોલમાં ૨૬ રન બનાવી રિટાયર્ડ થયા હતા. મેથ્યૂ હેડન ૧૪ બોલમાં ૧૬ રન બનાવી આઉટ થયો હતો. આ ઉપરાંત લ્યૂક હૉગે ૪ બોલમાં ૧૧ રન બનાવ્યા હતા. ૧૦૫ રનના લક્ષ્યને હાંસલ કરવા ઉતરેલી ગિલક્રિસ્ટ ઈલેવન ૧૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવી ૧૦૩ રન બનાવી શકી હતી અને મેચ ૧ રનથી હારી હઈ હતી. ગિલક્રિસ્ટ ઈલેવન તરફતી શેન વોટ્સને ૯ બોલમાં ૩૦, એન્ડ્રૂ સાયમંડ્સે ૧૩ બોલમાં ૨૯ રન બનાવ્યા હતા. કેપ્ટન ગિલક્રિસ્ટ ૧૧ બોલમાં ૧૭ રન બનાવી આઉટ થયો હતો. યુવરાજ સિંહ ૬ બોલમાં ૨ રન બનાવી બ્રેટ લીની ઓવરમાં મહિલા ખેલાડી બ્લેકવેલના હાથે કેચ આઉટ થયો હતો.

ડી.સી.એમ કોલેજ વિરમગામ ખાતે સૌપ્રથમવાર સંસ્કૃત કવિ સંમેલન યોજાયું



ડીસીએમ કોલેજ સંસ્કૃત વિભાગ તથા ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કવિ સંમેલનનું આયોજન કરાયું

(વંદના નીલકંઠ વાસુકિયા - વિરમગામ દ્વારા)

દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કોમર્સ વિરમગામ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર તેમજ કોલેજના સંસ્કૃત વિભાગના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત કવિઓનું એક અનોખું કવિ સંમેલન યોજાયું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ, પદ્મશ્રી વિજેતા વિષ્ણુભાઈ પંડ્યાના વરદ હસ્તે કાર્યક્રમનું ઉદ્ઘાટન થયુ હતુ. આ કાર્યક્રમમાં વિરમગામ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ સેવંતીલાલ કે. વોરા, સાહિત્ય અકાદમી ગાંધીનગરના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા, કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રા. જગદીશભાઈ પટેલ, તેમજ સંસ્કૃત વિભાગના પ્રા. અને જાણીતા કથાકાર રાજેન્દ્રપ્રસાદ ભટ્ટના ઉદ્બોધન થયા હતા. ગુજરાતના પ્રસિધ્ધ સંસ્કૃત કવિઓ પ્રા. હર્ષદેવ માધવ, પ્રા. અમૃતલાલ ભોગાયતા, પ્રા. નવનીતભાઈ જોષી, પ્રા. સ્નેહલભાઈ જોષી, પ્રા. રવીન્દ્ર ખાંડવાલા અને પ્રા. ભાવપ્રકાશ ગાંધીએ પોતાના સ્વરચિત સંસ્કૃત કાવ્યોના રસપાન શ્રોતાઓને કરાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. પ્રીતિ પૂજારા અને પ્રા. ધેમરભાઈ દેસાઈએ કર્યું હતું. ડો.અશ્વિન આણદાણી તેમજ સમગ્ર કોલેજ પરિવારના સદસ્યોએ કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિથી આ સમગ્ર કવિ સંમેલનની સફળતાપૂર્વક ઉજવણી થઈ હતી.

૬ થી ૧૮ વર્ષના શિક્ષણથી વંચિત છાત્રોને આવરી લેવાશે

ધોલેરા તાલુકામાં શાળા બહારના બાળકોનો સર્વે ૧ થી ૨૮ ફેબ્રુઆરી સુધી હાથ ધરાશે

ધોલેરાઃ સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ધોલેરા તાલુકામાં ૬ થી ૧૮ વર્ષની વયજૂથના શિક્ષણથી વંચિત રહી ગયેલા (ધોરણ ૧ થી ૧૨ સુધીનું કદી શિક્ષણ મેળવેલ નથી તેવા અને ધોરણ ૧ થી ૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યા વગર અધવચ્ચેથી શાળા છોડી દીધેલ છે તેવા) દિવ્યાંગ સહિતના તમામ બાળકોનો સર્વે ધોલેરા તાલુકાની તમામ પ્રાથમિક શાળા મારફત હાથ ધરવામાં આવ્યો છે.તા.૦૧/૦૨/૨૦૨૦ થી તા.૨૮/૦૨/૨૦૨૦ સુધી થનાર આ સર્વેમાં જાહેર જનતાએ સહભાગી બની ઉપરોક્ત બાળકોનો સર્વે કરવાનો હોય તે અન્વયે ધોલેરા તાલુકાની આસપાસના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં શાળા બહારના અથવા ડ્રોપ આઉટ દિવ્યાંગ સહિતના બાળકો મળી આવે તો નજીકની પ્રાથમિક શાળાના આચાર્યશ્રીને જાણ કરવા બીઆરસી કો.ઓર્ડીનેટર તરફથી અનુરોધ કરાયો છે.

ચુંવાળ પરગણા મઢીના ગાદીપતિ બ્રહ્મલીન મહંત શ્રી ભાણદાસ બાપુનો ભંડારો યોજાયો



રાધેકૃષ્ણ મંદિર વિરમગામના મહંત તરીકે મુકેશદાસ બાપુની ચાદર વિધિ કરાઈ

વંદના નીલકંઠ વાસુકિયા વિરમગામ દ્વારા

અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેરના રાધેકૃષ્ણ મંદિરની જગ્યાના મહંત શ્રી ભાણદાસ બાપુ વિક્રમ સંવત ૨૦૭૬ પોષ વદ ચોથને તારીખ -૧૪/૦૧/૨૦૧૯ ને મંગળવારના રોજ બ્રહ્મલીન થયા હતા. સદગત બાપુનો ભંડારો રાધેકૃષ્ણ મંદિરની જગ્યા, કુંવરબા પાર્ક વિરમગામ ખાતે વિક્રમ સવંત ૨૦૭૬ મહા સુદ તેરસને શુક્રવારના રોજ રાખવામાં આવ્યો હતો. જેમાં શિષ્યગણ, જ્ઞાતિ બંધુઓ, સાધુ સંતો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. શુક્રવારે સાધુ-સંતો-મહંતો સાધુ સમાજ તથા ચુંવાળ પરગણા નાતગંગાનુ સામૈયુ કરવામાં આવ્યું હતું. રાત્રે સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. શનિવારે સવારે રાધેકૃષ્ણ મંદિરના મહંત તરીકે મુકેશદાસ બાપુની ચાદર વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે સાધુ સંતો શિષ્યગણ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસની જ સંડોવણીઃ પોલીસ કોન્સ્ટેબલ ૧.૫૦ લાખના દારૂ સાથે ઝડપાયો

દાહોદ

કહેવાય છે કે, ગુજરાતમાં દારૂબંધી છે. અને દારુ પીવો હોય તો સરકાર પાસેથી કાયદેસરનું લાયસન્સ લેવું પડે છે. ગેરકાયદેસર રીતે ગુજરાત પોલીસ ઠલવાતો રોજનો બેહિસાબ દારૂ ગુજરાત પોલીસ દ્વારા પકડવામાં પણ આવે છે. અને તેનો નિકાલ પણ કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે દારૂ ઘુસાડવા માટે બુટલેગરો દ્વારા નિત નવા તુક્ક અપન અજમાવવામાં આવે છે. પરંતુ આ કેસમાં હકીકત કાઈ જુદી જ છે. જેને માથે બુટલેગરને પકડવાની જવાબદારી હતી તેજ દારૂની ખેપ કરતા પકડાયા છે. અને ગુનેગારના પાંજરામાં જઈ ને ઉભા છે.

વાત કરીએ દાહોદના લીમખેડાની તો અહીં સ્થાનિક પોલીસ દ્વારા અમરેલીના પોલીસ કોન્સ્ટેબલને ૧.૫૦ લાખના દારૂ સાથે ઝડપી પાડ્યો છે. સાથે સ્થાનિક પોલીસ દ્વારા સ્કોર્પિયો ગાડીમાં અને અન્ય મુદ્દામાલ પણ હાથ લાગ્યો છે. જયારે અન્ય એક આરોપી ફરાર થઈ ગયો છે.

દાહોદ જિલ્લાના લીમખેડા પોલીસને બાતમી મળેલ કે એક સ્કોર્પિયો ગાડીમાં દારૂ ભરાઈને આવે છે. જે ગાડીનો નંબર છે. અને તે ગાડી ગોધરા તરફ જઈ રહી છે. આ બાતમીને આધારે લીમખેડા પોલીસે એ પોતાના સ્ટાફ ને એલર્ટ કરી વોચ ગોઠવી હતી. અને નાકાબંદી કરી હતી. તે દરમિયાન એક સફેદ રંગની સ્કોર્પિયો આવતા સ્ટાફ એલર્ટ થયો અને તેને રોકવાની કોશિશ કરતા ચાલકે ડિવાઈડર કૂદી અને ગાડી વાળાવવાની કોશિશ કરતા એક અન્ય ઈસમ ચાલુ ગાડીમાંથી કૂદી નાસી ગયો હતો. જયારે કાર ચાલક લીમખેડા પોલીસ ને હાથે ઝડપાઈ ગયો હતો.

અમદાવાદઃ કાપડ ફેક્ટરીમાં લાગેલી ભીષણ આગમાં મૃત્યુઆંક વધીને ૭ થયો

અમદાવાદ

અમદાવાદમાં પીરાણા પાસે કાપડ બનાવતી ફેક્ટરીમાં લાગેલી ભીષણ આગ લાગતા વધુ ત્રણ શખ્સોના મોત થયા છે. જેથી કુલ મૃત્યુઆંક ૭ થયો છે. આગની ઘટના અંગે તપાસ કરવા એફએસલ દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. અમદાવાદના ફાયર ચીફ ઓફિસર એમ.એફ. દસ્તુરે પણ ઘટના સ્થળની મુલાકાત લીધી છે. તેમણે જણાવ્યુ હતુ કે, આગ બૂઝાવવા માટે ૬ લાખ લીટર પાણીનો મારો ચલાવવામાં આવ્યો.

આગ લાગી ત્યારે યુનિટમાં ૨૦૦ જેટલા કર્મચારીઓ કામ કરી રહ્યા હતા. અને જે મૃતદેહો મળ્યા છે..તે એટલી હદે ભૂંજાઈ ગયા છે કે તેની ઓળખ કરવી તંત્ર માટે પણ હાલ મુશ્કેલ બન્યુ છે. ફાયર સિસ્ટમ હતી પરંતુ એનઓસી લીધી નથી. જેથી આ મામલે કડક કાર્યવાહી કરવામાં આવશે. કુલ ૩ માળની બિલ્ડીંગમાં ત્રીજા માળેથી આંગ લાગવાની શરૂ થઈ હોવાની આંશકા.

આગ લાગવનું કારણ હજી પણ અકબંધ છે. ફેક્ટરીમાં લાગેલી આગ ઓલવવા આધુનિક કેનની પણ મદદ લેવામાં આવી હતી. શેડ તોડી કેનની મદદથી પાણીનો મારો ચલાવવામાં આવ્યો. મોટાભાગની આગ ઓલવાઈ ગઈ છે. પોલીસેનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને સમગ્ર મામલે કાર્યવાહી હાથ ધરી છે. નંદન ડેનિમ કંપનીના જે યુનિટમાં આગ લાગી હતી તેમાં કામ કરતા ૦૭ જેટલા કર્મીઓ મિસિંગ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતુ.

તા.૧૩મીથી બારડોલીમાં બે દિવસ કૃષિ મેળાનું આયોજન કરાયું

સામાજીક મંત્રી ઈશ્વરભાઈ પરમાર કૃષિ મેળાને ખુલ્લો મુકશે

સુરત

આત્મા એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી બારડોલી તથા ખેડુત તાલીમ કેન્દ્ર બારડોલીના સંયુકત ઉપક્રમે જિલ્લાના ખેડુત ભાઈઓ તથા બહેનોને કૃષિક્ષેત્રે નવીનતમ સંશોધનો અને હાઈટેક એગ્રીકલ્ચરની અદ્યતન વિસ્તૃત જાણકારી મળી રહે તેવા હેતુસર આત્મા પ્રોજેકટ અને ખેડુત તાલીમ કેન્દ્રના સંયુકત ઉપક્રમે આગામી તા.૧૩ અને ૧૪મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા દરમિયાન બારડોલીના ખેડુત તાલીમ કેન્દ્ર ખાતે કૃષિ મેળો અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કૃષિ મેળાને તા.૧૩મીના રોજ સવારે ૧૦.૩૦ વાગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે ખુલ્લો મૂકાશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીમતિ પ્રિતીબેન પટેલ, ધારાસભ્ય સર્વશ્રી મોહનભાઈ ઢોડીયા, શ્રીમતિ ઝંખનાબેન પટેલ, વી. ડી. ઝાલાવડીયા, મુકેશભાઈ પટેલ, આનંદભાઈ ચૌધરી તેમજ જિ. પં. ઉપપ્રમુખશ્રી હિતેન્દ્રસિંહ વાસીયા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીમતિ રમીલાબેન રાઠોડ, કારોબારી સમિતિના અધ્યક્ષશ્રી દિપકભાઈ વસાવા, ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિના અધ્યક્ષશ્રી સામસિંગભાઈ વસાવા, જાહેર આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી કિશોરભાઈ માહ્યવંશી, જિલ્લા કલેકટરશ્રી ધવલ પટેલ ઉપસ્થિત રહેશે.

તા.૨૬મીએ તાલુકા અને ૨૭મીએ સુરત જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

લોકોના પ્રશ્નોને રૂબરૂમાં સાંભળી સ્થળ પર નિકાલ કરાશે

સુરત

લોકોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જે મુજબ ફેબ્રુઆરી મહિનાનો તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૬મીએ અને તા.૨૭મીના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે. તા.૨૬મીના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે સૂરત જિલ્લા કલેક્ટરશ્રી કોઈ પણ એક તાલુકામાં ઉપસ્થિત રહેશે. જિલ્લા વિકાસ અધિકારી ઓલપાડમાં તથા સુરત ગ્રામ્યનાશ પોલીસ અધિક્ષક માંડવી તાલુકામાં મામલતદાર કચેરીમાં યોજાનારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નોને રૂબરૂ સાંભળી નિરાકરણ કરશે.

આ કાર્યક્રમના ભાગરૂપે તા.૨૬મીના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે આ અધિકારીઓ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જેમાં સિટી તાલુકામાં નાયબ કલેક્ટર સિટીપ્રાંત અધિકારીશ્રી, માંડવી તાલુકામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત), ઓલપાડ તાલુકામાં નાયબ કલેકટરશ્રી ઓલપાડ પ્રાંત, બારડોલી તાલુકામાં નાયબ કલેકટરશ્રી બારડોલી પ્રાંત, માંગરોળ તાલુકામાં નાયબ કલેક્ટર માંડવી પ્રાંત અધિકારીશ્રી, કામરેજ તાલુકામાં નાયબ કલેકટર કામરેજ પ્રાંત, પલસાણા તાલુકામાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, ચોર્યાસી તાલુકામાં નાયબ નિયામકશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા(સ્પીપા) સુરત, મહુવા તાલુકામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી(વિકાસ), સુરત, ઉમરપાડા તાલુકા ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસુલ) ના અધિકારીઓ હાજર રહેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારોએ દર મહિનાની તા.૧૦મી સુધીમાં તાલુકા કક્ષાએ મામલતદારને તાલુકા સ્વાગત કાર્યક્રમ એમ લખી તથા જિલ્લા કક્ષાના નિકાલ કરવાના કામ માટેની અરજી જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં મોકલી આપવી.

ભારતીય શીખ શ્રદ્ધાળુઓ માટે કરતારપુરમાં પાસપોર્ટ વિના પ્રવેશ...!

ઈસ્લામાબાદ

ગુરુદ્વારા દરબાર સાહિબની મુલાકાત લેવા વધુને વધુ લોકો આવે તે માટે ભારતીય તીર્થ યાત્રીઓને પાસપોર્ટ વગર કરતારપુર વિસ્તારમાં પ્રવેશ આપવા અંગે વિચારણા ચાલી રહી છે, એમ વિદેશ પ્રધાન ઈજાઝ શાહે જણાવ્યું હતું.

ગયા વર્ષે નવેમ્બરમાં સીમા પર આવેલા આ ઐતિહાસિક તીર્થસ્થળનું ઉદ્ઘાટન ભારત અને પાકિસ્તાને અલગ અલગ કર્યું હતું. પાકિસ્તાનના નરોવાલ જિલ્લાના કરતારપુર વિસ્તારમાં આવેલા શીખ ધર્મના તીર્થસ્થળ ગુરુદ્વારા દરબાર સાહિબ પહોંચવાનો આ સૌથી સરળ અને ટૂંકો માર્ગ છે. અહીં ગુરુ નાનકે તેમના જીવનના ૧૮ વર્ષ ગુજાર્યા હતા.

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા કરાર પ્રમાણે હાલમાં ભારતીય શ્રદ્ધાળુઓને અહીં પાસપોર્ટ વગર પ્રવેશ આપવામાં આવતો નથી. તેમ છતાં અહીં વધુને વધુ મુલાકાતીઓને આકર્ષવા માટે ભારતીય શ્રદ્ધાળુઓને પાસપોર્ટ વગર પ્રવેશ આપવામાં આવે એવો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ માટે વિદેશી બાબતના મંત્રાલય પાસેથી વિસ્તૃત માહિતી મેળવવામાં આવશે, એમ શાહે પાકિસ્તાની સંસદમાં જણાવ્યું હતું.

'વર્તમાન તબક્કે શ્રદ્ધાળુઓ ભારતીય પાસપોર્ટ અથવા ભારતીય મૂળના હોઇ વિદેશી પાસપોર્ટ ધરાવતા હોવાના પુરાવા રજૂ કરીને કરતારપુરમાં પ્રવેશી શકે છે.

દેશના દરેક હાઈવેના ટોલ પ્લાઝા પર આર્મી જવાનોનુ થશે સેલ્યુટ સાથે સન્માન

ન્યુ દિલ્હી

દેશના દરેક ટોલ પ્લાઝા પર આર્મી જવાનોનુ હવે સેલ્યુટ કરીને સન્માન કરવામાં આવશે. સ્પેશ્યલ પ્રોટોકોલનો ભાગરૂપે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા દેશના તમામ ટોલ પ્લાઝાને આ આદેશ આપવામાં આવ્યો છે.તેનો અમલ પણ શરુ કરી દેવાયો છે.

અત્યાર સુધી આ પ્રકારનો કોઈ પ્રોટોકોલ અસ્તિત્વમાં નહોતો. ઉલટાનુ કટેલીક જગ્યાએ જવાનો સાથે ખરાબ વર્તનની ફરિયાદો પણ મળતી હતી. ફાસ્ટ ટેગ સિસ્ટમ લાગુ કરાયા બાદ તો આ ફરિયાદો વધી ગઈ હતી. આ તમામ બાબતોને ધ્યાનોમાં રાખીને સેના માટે વિશેષ પરિપત્ર કરવામાં આવ્યો છે.

જમ્મૂ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મુફ્તિ વિરુદ્ધ પીએસએ હેઠળ કેસ નોંધાયો

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તી વિરૂદ્ધ લોક સુરક્ષા કાનૂન (પીએસએ) હેઠળ કેસ નોંધાયો છે. વહીવટીતંત્રએ મહેબૂબા મુફ્તી વિરૂદ્ધ અલગાવવાદીઓની સાથે કામ કરવાનો આરોપ લગાવ્યોછે. ૬ પાનાની ફાઈલમાં ધરપકડનું આ કારણ જણાવાયુ છે.

કોરોના વાઈરસથી ગુજરાતમાં ચિંતા જેવુ નથીઃ કુમાર કાનાણી

સુરત

ચીનથી શરૂ થયેલા કોરોના વાઈરસની ચપેટમાં ભારત સહિત અનેક દેશ આવી ચૂકયા છે. બેકાબૂ બનેલા કોરોનાથી ચીનમાં અનેક લોકો મોતને ભેટ્યા છે. ત્યારે ગુજરાતના લોકોએ કોરોનાથી ડરવાની જરૂર નથી. કારણ કે ગુજરાતમાં કોરોના વાઈરસને લઈને હાલ ચિંતા જેવું નથી.

આ નિવેદન આપ્યું છે રાજ્યના આરોગ્યપ્રધાન કુમાર કાનાણીએ, તેમણે જણાવ્યું કે, સરકાર કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે અને મોટા શહેરોમાં હોસ્પિટલો અને વોર્ડ પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે.



યુવકે કિશોરીની મરજી વિરુદ્ધ શારિરીક અડપલાં કર્યા

ઈન્સ્ટાગ્રામ પર પરિચય બાદ કિશોરીને ધમકાવી યુવકે ૧.૯૨ લાખ પડાવ્યા

સુરત

શહેરનાં નાના વરાછા વેપારીની ૧૬ વર્ષની પુત્રીને ઈન્સ્ટાગ્રામમાં યુવક સાથે પરિચય થયો હતો. બાદમાં કિશોરી યુવકનાં બાઈક પર બેસીને કોફી સેન્ટરમાં ગઈ હતી. ત્યાં યુવકે કિશોરીની મરજી વિરૂધ્ધ શારીરિક આડપલાં કર્યાં હતાં. તેમજ તેને ડરાવી ધમકાવીને તેની પાસેથી ૧.૯૨ લાખ રૂપિયા પડાવી લીધાં હતાં. કામરેજના વેલંજાના બેકાર ટીનએજર યુવાને મદદની જરુર છે તેવી વાતોમાં ભોળવીને ટુકડે-ટુકડે રૂપિયા ઉસેટી લીધા હતા. તરૂણીએ આ રકમ પિતાના લોકરમાંથી ચોરી-ચોરીને તેને આપી હતી. લબરમૂછીયા યુવાન સામે છેડતી, ડરાવી ધમકાવી પૈસા પડાવ્યાની ફરિયાદ બાદ સરથાણા પોલીસે તેની ધરપકડ કરી છે.

મૂળ અમરેલીનાં વતની અને સુરતના નાનાવરાછા વિસ્તારમાં રહેતા વેપારીની ૧૬ વર્ષીય પુત્રી ધોરણ ૧૧માં અભ્યાસ કરે છે. તરૂણીને છ મહિના પહેલા ઈન્સ્ટાગ્રામમાં ધ્રુવ રાજેસ ખૂંટની મિત્રતા થઈ હતી. કામરેજના વેલજા રંગોલી ચોકડી સુખ શાંતિ રો હાઉસ ઘર નં.૧૮૧માં રહેતા અને હાલ બેકાર ૧૯ વર્ષીય ધ્રુવ રાજેસ ખૂંટ અને કિશોરી બંને એકબીજાને મળતાં. જોકે, ધ્રુવ ખૂંટ મિત્રતાનો ગેર લાભ ઉઠાવવા લાગ્યો હતો. તરુણીનાં ઘરે આવી તેને પોતાની મોટરસાયકલ ઉપર ફરવા લઈ જતો હતો અને બંને પરવત પાટીયા કેનાલ રોડ ઉપર આવેલી કોફી શોપમાં જઈ બેસતા હતા. ત્યાં ધ્રુવ તરુણીને અડપલાં પણ કરતો હતો. થોડા સમય બાદ તેમજ કોઈના કોઈ બહાને ડરાવી ધમકાવીને તરૂણી પાસેથી પાસેથી ટુકડે ટુકડે કરીને કુલ રૂપિયા ૧,૯૨,૦૦૦ પડાવી લીધા હતાં. વેપારીએ આ યુવક વિરુદ્ધ સરથાણા પોલીસ મથકમાં છેડતી અને ડરાવી પૈસા પડાવ્યાની ફરિયાદ નોંધાવી હતી. સરથાણા પોલીસે ધ્રુવની ધરપકડ કરી હતી.

પારડી ખાતે 'સ્પર્શ સંવેદનાનો' લાગણીસભર કાર્યક્રમ યોજાયો

પારડી તાલુકાના ૬૦૦ જેટલા વિધવા અને વૃદ્ધ લાભાર્થીઓને પેન્શણન / સહાયના હુકમો એનાયત કરાયા

વલસાડ

સંવેદનશીલ રાજયય સરકારની સમાજ સુરક્ષા હેઠળની કલ્યાણકારી યોજનાઓના હુકમોના વિતરણનો 'સ્પર્શ સંવેદનાનો' કાર્યક્રમ પારડીના ધીરુભાઇ સત્સંગ હોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિધવા સહાય, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના તેમજ નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળના ૬૦૦ જેટલા લાભાર્થીઓને પેન્શેન અને સહાયના હુકમોનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિતરણ કરાયું હતું.

સાંસદ ડૉ.કે.સી.પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર ઝીરો બેલેન્સથી જનધન એકાઉન્ટ, આયુષ્માન ભારત હેઠળ પાંચ લાખ રૂપિયા સુધીનો હોસ્પિટલનો ખર્ચ, ઉજ્જવલા યોજના હેઠળ નિઃશુલ્ક ગેસના કનેકશન, ખેડૂત સમ્માનનિધિ હેઠળ ખેડૂતોને સહાય સહિત અનેકવિધ યોજનાઓના સુચારુ અમલીકરણ થકી છેવાડાના માનવી સુધી પહોંચી છે.

ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, તાલુકા વહીવટીતંત્રએ સરકારી યોજનાના લાભો એક જ સ્થળે આપવાનું આયોજન કર્યું છે, જે અભિનંદનીય છે. પ્રજાજનોની સુખાકારીનું ધ્યાન રાખી લોકોની સેવા કેવી રીતે કરી શકાય તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે. તેમણે રાજય સરકાર દ્વારા અમલી વિવિધ યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

પ્રાંત અધિકારી સી. પી. પટેલે ટૂંકા સમયમાં કામગીરી પૂર્ણ થાય અને લાભાર્થીઓને સમયસર લાભ મળે તે માટે મામલતદાર કચેરીના કર્મયોગીઓએ કરેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. આ લાભાર્થીઓને પોસ્ટમાં ખાતુ ખોલાવવા માટે પણ તંત્ર દ્વારા મદદરૂપ કરવામાં આવી છે. સાચા અર્થમાં સંવેદનાનો સ્પર્શ થાય તે હેતુસર તમામ ગામોના સરપંચ અને તલાટીઓને બાકી રહી ગયેલા હોય તેવા લાભાર્થીઓને લાભ અપાવવા સતત પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો હતો.

મામલતદાર નિરવ પટેલે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી યોજનાકીય જાણકારી આપી હતી. સાચા લાભાર્થીઓ સુધી વહીવટીતંત્રની સંવેદનશીલતા પહોંચે તે માટે સંવેદનશીલ રાજય સરકારના સહિયારા પ્રયાસો રહયા છે. આવનારા સમયમાં કોઇ લાભાર્થી વંચિત ન રહી જાય તે માટે કટિબધ્ધ છે.

આ અવસરે પારડી તાલુકા પંચાયત પ્રમુખ નરેશભાઈ, અગ્રણી મહેશભાઈ, મામલતદાર કચેરીનાકર્મીઓ, પોસ્ટ ઓફિસરના કર્મીઓ, વિધવા સહાય તેમજ વૃદ્ધ સહાયના લાભાર્થીઓ હાજર રહયા હતા.

આભારવિધિ નાયબ મામલતદાર વિજયભાઇએ આટોપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંબાચ શાળાના શિક્ષક જગદીશભાઈએ કર્યું હતું.

માનસિક અસ્થિર મહિલાને માનવ મંદિરમાં આશ્રય મળ્યો

મહિલા અને તેના પરિવાર અંગે ૧૮૧ અભયમ પર જાણ કરવા અપીલ

સુરત

મહિલાઓને ભયમુક્ત વાતાવરણ આપવાની સરાહનીય ફરજ બજાવતી અને આફતગ્રસ્ત મહિલાઓની સંકટ સમયની સાંકળ સાબિત થયેલી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ફરી એકવાર મહિલાની વહારે આવી છે. ૧૮૧ અભયમ હેલ્પલાઈન સુરતના કતારગામ વિસ્તારમાં ભૂલી પડેલી માનસિક અસ્થિર મહિલાને ત્વરિત મદદ પહોંચાડી સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો હતો. આ અજાણી મહિલાના પરિવારજનો ન મળે ત્યાં સુધી સુરતની જીવન જ્યોત માનવ મંદિર મંદબુધ્ધિ આશ્રમ સંસ્થામાં દેખરેખ હેઠળ રાખવામાં આવી છે.

વિગતો એવી છે કે, ગત રોજ એક કતારગામ સ્થિત ત્રાહિત વ્યક્તિ એ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ કરી જણાવ્યું કે, એક અજાણી અને મંદબુદ્ધિની મહિલા છેલ્લા કેટલાય દિવસથી આ વિસ્તારમાં સુનમુન બેસી રહે છે. ચહેરા પરથી ભયગ્રસ્ત હોવાનું જણાઇ આવે છે, જેથી મદદ કરવાં અપીલ કરી હતી. જેને મદદ કરવા અનુરોધ કરતા કતારગામ પોલીસ સ્ટેશન સ્થિત અભયમ રેસ્ક્યુ વાન તાત્કાલિક દર્શાવેલ સ્થળે પહોંચી હતી.

અંદાજીત ૫૦ વર્ષીય મહિલા માનસિક રીતે અસ્થિર હોય એવું ધ્યાનમાં આવતાં અભયમના સ્ટાફ દ્વારા ચા-બિસ્કીટ આપી તેની સાથે આત્મીયતા કેળવવાની શરૂઆત કરી હતી. ઘણી મહેનત કરવાં છતાં કોઈ વિગત ન આપતી હોવાથી અભયમ દ્વારા મહિલાને માનસિક અસ્વસ્થ સ્ત્રી-પુરૂષોને સાચવતી અને સારવાર કરતી સુરતની 'જીવન જયોત ટ્રસ્ટ'ની સંસ્થામાં સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો હતો.

અભયમ અને કતારગામ પોલિસ દ્વારા અજાણી મહિલાના પરિવારની શોધખોળ શરૂ કરવામાં આવી છે. જો કોઈને નીચેની તસ્વીરવાળી મહિલા અને તેના પરિવાર અંગે કોઈ જાણકારી મળે તો ૧૮૧ અભયમ હેલ્પલાઈન અથવા સ્થાનિક પોલિસ કે 'જીવન જયોત માનવ મંદિરના મંદબુધ્ધિ આશ્રમનો સંપર્ક કરવા વિનંતિ છે.

વાલોડમાં તાપી અને ડાંગ જિલ્લા માટેનો મેગા રોજગાર મેળો યોજાયો

ગુજરાત સરકારે 'હર હાથ કો કામ' અને 'શ્રમેવ જયતે'નો મંત્ર અપનાવ્યો છે: મંત્રી ઈશ્વર પરમાર

વ્યારા

યુવાનોને રોજગારી પુરી પાડવામાં સમગ્ર ભારતમાં ગુજરાત અગ્રેસર છે. તેમ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે વાલોડ ખાતે જણાવ્યું હતું.

તાપી અને ડાંગ જિલ્લાના મેગા પ્લેસમેન્ટ કેમ્પનો શુભારંભ કરાવતા મંત્રીશ્રીએ રોજગારી સર્જન માટેની રાજય સરકારની કાર્યપ્રણાલી વર્ણવી, રાજ્યમાં નવા નવા ઉદ્યોગોની માંગને અનુરૂપ યુવાનોને કૌશલ્યવર્ધક તાલીમ આપવામાં આવી રહી છે, કે જેથી જેવી જરૂરિયાત એવો મેનપાવર કંપનીઓને મળી રહે તેવો સરકારનો આશય છે તેમ જણાવ્યું હતું.

ઔદ્યોગિક રોજગારીની દ્રષ્ટિએ ૧૦૦૦ વ્યક્તિએ ૨૪૨ લોકોને રોજગારી મળવી જોઈએ, જેની સામે ગુજરાતમાં પ્રત્યેક ૧૦૦૦ વ્યક્તિએ ૩૦૬ લોકોને રોજગારી આપવામાં આવે છે. જ્યારે રિસર્ચના નિયમ પ્રમાણે સર્વિસ સેક્ટરમાં ૧૦૦૦ ની સામે ૬૮૩ લોકોને રોજગારી પ્રાપ્ત થવી જોઈએ, જે આંકડો ક્રોસ કરવામાં ગુજરાત અગ્રેસર થયું છે, તેમ જણાવી મંત્રીશ્રીએ દેશમાં ગુજરાત એ રોજગાર સર્જક રાજ્ય છે તેમ ઉમેર્યું હતું.

આગામી ત્રણ વર્ષમાં "હર હાથ કો કામ" એ દિશામાં આગળ વધવાનો નિર્ણય કરી, ગુજરાત સરકાર બેરોજગારોને નોકરીઓ આપવાના લક્ષ્યાંકો સિદ્ધ કરી રહી છે. સખી મંડળો થકી બહેનોને સ્વરોજગારી, રોજગાર મેળા અને એપ્રેન્ટિસશીપ દ્વારા ફેક્ટરીઓમાં યુવાનોને રોજગારી, મુદ્રા યોજના હેઠળ યુવાવર્ગને ધિરાણ આપવાની વ્યવસ્થા કરી સ્વરોજગારીની તકો મળે તેવો અભિગમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અપનાવ્યો છે, તેમ પણ તેમને જણાવ્યું હતું.

છેલ્લા પાંચ વર્ષમાં રોજગાર ભરતીમેળાના માધ્યમથી અંદાજે ૧૧ લાખ લોકોને રોજગારી આપવામાં સરકારે મદદ કરી છે. સરકારી સેવાઓમાં ૧.૧૮ લાખ યુવક/યુવતીઓની ભરતી કરવામાં આવી છે, અને આગામી ત્રણ વર્ષમાં એટલે કે ૨૦૨૦ થી ૨૦૨૨ દરમિયાન વધુ ૬૦ હજાર યુવાનોની ભરતી કરવાનો કાર્યક્રમ બનાવવામાં આવ્યો છે. તેમ જણાવી શ્રી પરમારે મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના, મુખ્યમંત્રી ગ્રામોદય યોજના, વાજપેયી બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, પશુફાર્મની સ્થાપના જેવી રોજગારલક્ષી અને પરિવારની આવક વધારતી યોજનાઓ દ્વારા ૧૫ લાખ યુવાનોને રોજગાર મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે, તેમ જણાવ્યું હતું.

ગુજરાત સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં મુદ્રા યોજના દ્વારા ૪૪ લાખ લોકોને ૩૧,૮૭૭ કરોડ રૂપિયાનું ધિરાણ આપી સ્વરોજગારીની વિપુલ તકો પુરી પાડી છે. જ્યારે આગામી ત્રણ વર્ષમાં ૫૦ લાખ લાભાર્થીઓને નવું ધિરાણ આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, તેમ જણાવતા રાજયમાં વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૯ દરમિયાન નવ વાયબ્રન્ટ સમિટ યોજવામાં આવી છે. સને ૨૦૧૯ની વાયબ્રન્ટ સમિટનો હેતુ નવા ભારતની રચનામાં યોગદાન આપવાનો હતો, તેમ ઉમેર્યું હતું.

અત્યાર સુધીની નવ વાયબ્રન્ટ સમિટમાં કુલ ૧,૦૪,૮૭૨ જેટલા પ્રોજેક્ટ્સ માટે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. ૨૦૧૯ના મધ્યની સ્થિતિએ નોંધાયેલા પ્રોજેક્ટ્સ પૈકી ૪૮,૫૪૦ ઉત્પાદનમાં ગયા છે, અને તેના દ્વારા કુલ ૨૨,૮૨,૦૮૪ રોજગારી ઉભી થઈ છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

આવનારા સમયમાં ગુજરાત "સ્કિલ ઈન્ડિયા" વિકાસનો આધાર બનશે. પ્રધાનમંત્રી "મેઇક ઇન ઇન્ડિયા" ના સંકલ્પને યુવા શક્તિના કૌશલ્યવર્ધનથી સાકાર કરવા પ્રતિબદ્ધ છે, ત્યારે "બેસ્ટ ડેસ્ટિનેશન ઓફ ઇન્વેસ્ટમેન્ટ" બનેલા ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં ૫૭ લાખ સ્કીલ્ડ યુવા માનવબળની જરૂરિયાત ઉભી થશે, તેમ જણાવી મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે ગુજરાતે "હર હાથ કો કામ" અને "શ્રમેવ જયતે" નો મહિમા કરતા ૧૭ લાખ યુવાઓને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ દ્વારા અત્યાર સુધીમાં તાલીમબદ્ધ કર્યા છે, તેમ જણાવ્યું હતું. સરકારે એક વર્ષમાં ૩૯૨ ભરતીમેળા યોજીને ૬૩ હજાર યુવાઓને રોજગારી આપવામાં આવી છે, તેમ પણ તેમને આ વેળા જણાવ્યું હતું.

સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસ બાદ તરત જ રોજગારી માટે પ્રવૃત્ત કરી શકાય તેવા કાર્યનો શુભારંભ કર્યો છે, ત્યારે વધુમાં વધુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આવા કેમ્પનો લાભ લેવો જોઈએ, તેમ મહુવાના ધારાસભ્ય શ્રી મોહનભાઈ ડોઢિયાએ તેમના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું હતું.

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત પ્લેસમેન્ટ ફેર ૨૦૨૦ના શુભારંભ કાર્યક્રમ દરમિયાન નોડલ ઓફિસરશ્રી ડો. ભદ્રેશ પરમારે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કોલેજ કન્યાઓએ પ્રાર્થના રજૂ કરી હતી. મહાનુભાવોએ દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. સરકારી ઈજનેરી કોલેજ-વલસાડના પ્રિન્સિપાલ શ્રી વી.એસ.પુરાણી તથા તાપીના નિવાસી અધિક કલેકટર શ્રી બી.બી.વહોનીયાએ પ્રાસંગિક ઉદબોધન રજૂ કર્યું હતું. મહાનુભાવોના હસ્તે રોજગારી મેળવનાર યુવક/યુવતીઓને એપોઇન્ટમેન્ટ ઓર્ડરનું પણ વિતરણ કરાયું હતું. વિદ્યાર્થીઓએ અહીં તેમના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. વાલોડ ખાતે યોજાયેલા તાપી અને ડાંગ જિલ્લા માટેના આ કાર્યક્રમમાં ડાંગની ત્રણેય કોલેજના અંદાજીત ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલ શ્રીમતી હેતલ રાઉત અને શ્રી ટંડેલની આગેવાનીમાં ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, વાલોડ ખાતે યોજાયેલા આ મેગા પ્લેસમેન્ટ ફેરમાં તાપી અને ડાંગ જિલ્લાની ૧૧ કૉલેજના ૧૧૭૦ થી વધુ યુવાનોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જ્યારે જુદી જુદી ૧૨૦૦ થી વધુ જગ્યાઓ માટે, ૭૨ થી વધુ કંપનીઓએ આ કેમ્પમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ સહિત સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૭મીએ તાપી જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

તા.૨૬મીએ તાલુકા કક્ષાનો કાર્યક્રમ યોજાશે

વ્યારા

લોકોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જે મુજબ ફેબ્રુઆરી મહિનાનો તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૬મીએ અને તા.૨૭,ફેબ્રુઆરીના રોજ વ્યારા ખાતે કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં કલેકટર આર.જે.હાલાણીની અધ્યક્ષતામાં તાપી જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમના ભાગરૂપે તા.૨૬મીના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે જિલ્લા કલેક્ટર મામલતદાર કચેરી વ્યારા ખાતે ઉપસ્થિત રહેશે. જિલ્લા વિકાસ અધિકારી નિઝરમાં તથા પોલીસ અધિક્ષક વાલોડ તાલુકામાં મામલતદાર કચેરીમાં યોજાનારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નોને રૂબરૂ સાંભળી નિરાકરણ કરશે. આ ઉપરાંત તા.૨૬મીના રોજ સવારે ૧૧.૦૦ વાગે ડોલવણ તાલુકામાં પ્રાયોજના વહીવટદાર, કુકરમુંડા તાલુકામાં નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સોનગઢ તાલુકામાં પ્રાંત અધિકારી વ્યારા અને ઉચ્છલમાં પ્રાંત અધિકારી નિઝર હાજર રહેશે.

આ કાર્યક્રમમાં જેઓના પ્રશ્નો અંગે સંબંધિત કચેરી અને અધિકારીનો અનેકવાર સંપર્ક કરવા છતાં અને નિયમાનુસારની તમામ કાર્યવાહી અનુસરવા છતાં નિવેડો ન આવેલ હોય, તેવી સમસ્યાઓ/પ્રશ્નો તાલુકા સ્વાગત કાર્યક્રમ/જિલ્લા સ્વાગત કાર્યક્રમ લખી તા.૧૫/૦૨/૨૦૧૯ સુધીમાં સંબંધિત મામલતદાર કચેરી અને જિલ્લાકક્ષાએ મોકલી આપવા જિલ્લા કલેકટરની અખબારી યાદીમાં જણાવાયું છે.

વડોદરામાં બાંધકામ દરમ્યાન શ્રમજીવી મહિલા નીચે પટકાતા મોતને ભેટી

વડોદરા

વડોદરામાં એક ગમખ્વાર ઘટના બની છે. વડોદરાના અલકાપુરી વિસ્તારમાં બની રહેલી મેરીઓન નામની ભવ્ય હોટેલના બાંધકામ દરમિયાન ઉંચાઈથી એક શ્રમજીવી મહિલા નીચે પડકાતા તેનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. આ ઘટના પછી ઘટનાસ્થળે લોકોના ટોળેટોળાં ઉમટ્યા હતા.

આ બનાવ પછી બનાવના સ્થળે રહેલા તમામ શ્રમજીવીઓ ભાગી ગયા હતા જેના કારણે તેનો મૃતદેહ કલાકો સુધી પડ્યો રહ્યો હતો. આ પછી કોન્ટ્રાક્ટર પર કામ બંધ કરાવીને રવાના થઈ ગયો હતો. આ મામલા પછી પોલીસ ઘટનાસ્થળે પહોંચે એ પહેલાં મહિલાનો મૃતદેહ ખસેડીને અંદર લઈ લેવામાં આવ્યો હતો.

ઈથોપીયાથી યુરોપ અને અમેરિકામાં ડ્યુટી ફ્રી પ્રોડક્ટ નિકાસ કરી શકાય

સુરતના ઉદ્યોગપતિઓને ઈથોપિયામાં રોકાણ કરવા ઈથોપીયા સરકારનું નિમંત્રણ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, ૭મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'બિઝનેસ ઓપોર્ચ્યુનીટીઝ ઇન ઇથોપીયા' વિશે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઇથોપીયાના મુંબઈ ખાતેના કોન્સુલ જનરલ હીઝ એકસીલન્સી મિસ્ટર ડેમેકે અંબુલોએ સુરતના ઉદ્યોગપતિઓને એગ્રીકલ્ચર, ફાર્મા અને ટેક્ષટાઈલ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપી ઇથોપીયામાં બિઝનેસ માટેની સરળતા માટે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં સુરતની ઓળખ બની ગયેલી મહત્વની ટેક્ષટાઈલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રી ઉપરાંત અન્ય વિકસી રહેલી અન્ય ઇન્ડસ્ટ્રી વિશે સવિસ્તર માહિતી આપી હતી. ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ ભારત અને ઇથોપીયા સરકાર વચ્ચેના વેપારીક સંબંધો વિશે માહિતી આપી સુરત અને ઇથોપીયા વચ્ચે સીધી ફલાઇટ સેવા શરૂ કરવા માટે ઇથોપીયાના મુંબઈ ખાતેના કોન્સુલ જનરલને અનુરોધ કર્યો હતો.

ઇથોપીયાના મુંબઈ ખાતેના કોન્સુલ જનરલ હીઝ એકસીલન્સી મિસ્ટર ડેમેકે અંબુલોએ સુરતના ઉદ્યોગપતિઓને સંબોધતા જણાવ્યુ હતુ કે, આફ્રિકાની ૫૪ જેટલી કન્ટ્રીઓમાંથી ઇથોપીયા વેપારની દ્રષ્ટિએ મહત્વની કન્ટ્રી છે. ભારતની જેમ જ ઇથોપીયામાં પાંચ વર્ષની સરકાર રચાય છે અને ઇથોપીયા શાંતિપ્રિય દેશ હોઇ પોલિટીકલ કેપીટલ છે. ઇથોપીયા લિબરલ અને બિઝનેસ ફ્રેન્ડલી કન્ટ્રી બની છે. ડબલ ડિઝીટથી ઇકોનોમીનો ગ્રોથ થઇ રહયો છે. ઇથોપીયામાં ૧૮ જેટલા એગ્રો ઇકોલોજીકલ ઝોન હોવાથી એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ માટે ઘણો સ્કોપ છે. ઇથોપીયામાં ખૂબ જ મોટાપાયે ખેતીલાયક જમીન છે. જયાં સૌથી વધુ કોફીનું ઉત્પાદન થાય છે. ઇથોપીયાએ જ વિશ્વને કોફીની ગીફટ આપેલી છે. ઇથોપીયા ઘણી મોટી ડોમેસ્ટીક માર્કેટ ધરાવે છે. ખાસ કરીને ટેક્ષટાઇલ – ગારમેન્ટ માટે ખૂબ જ મોટી માર્કેટ છે. ઇથોપીયામાંથી અમેરિકન અને યુરોપીયન માર્કેટમાં પણ ડયુટી ફ્રી પ્રોડકટ એક્ષપોર્ટ કરી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ઇથોપીયામાં ટેક્ષટાઇલ અને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી માટે કલસ્ટર ઇન્ડસ્ટ્રીયલ પાર્ક છે. ટેક્ષટાઇલ ગારમેન્ટ મેન્યુફેકચરીગ યુનિટ નાંખવા માટે સરકાર કેપીટલ ગુડ્ઝ ઉપર ડયુટી માફી આપશે. છ વર્ષ માટે ઇન્કમ ટેક્ષ પણ લેવામાં આવશે નહી અને નફો ફોરેન કરન્સીમાં ભારતમાં લાવી શકાશે. જોઇન્ટ વેન્ચર સાથે પણ બિઝનેસ શરૂ કરી શકાય છે. ટેક્ષટાઇલ મશીનરી માટે ત્યાં એન્જીનિયરો પણ છે. ઇથોપીયામાં જમીન, સ્કીલ્ડ લેબર, વીજળી અને પાણી સસ્તુ છે. આથી પ્રોડકટ કોસ્ટ સસ્તી હોવાથી પ્રોફીટ માર્જીન ખૂબ જ ઉચુ રહેશે.

તેમણે કહયુ હતુ કે, ઇથોપીયા ૮૫ ટકા મેડીસીન આયાત કરે છે. આથી ત્યાં ફાર્મા ઇન્ડસ્ટ્રી માટે પણ ઘણો સ્કોપ છે. ત્યાં ભારતીયો શિક્ષકો તરીકે કાર્યરત છે. અંગ્રેજી બોલી શકાતી હોવાથી ઇથોપીયામાં કોમ્યુનીકેશન માટે સરળતા રહેશે. એક વર્ષ માટે રેસીડેન્ટ પરમીટ લઇને તેમજ ત્રણ મહિનાના વર્ક પરમીટ ઉપર ઇથોપીયા આવી શકાય છે અને એરલાઇન્સને પણ કોઇ તકલીફ નથી. ઇથોપીયા સરકારે ભારત સરકાર સાથે વેપારીક અને સંરક્ષણની દ્રષ્ટિએ સમજૂતિ કરાર કર્યા છે. ઉદ્યોગપતિઓને કોઇપણ એકટીવિટી માટે સરકાર સપોર્ટ કરશે.



*આજરોજ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી **CAA(citizenship amendment act)** સમર્થનમાં વિશાળ રેલીને પ્રસ્થાન કરાવ્યુ. આ રેલી માં કેબિનેટ મંત્રી ગણપતભાઈ વસાવા , પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમાર , આરોગ્ય-મંત્રી કિશોરભાઈ કાનાણી , સાંસદ સી.આર.પાટીલ અને સાંસદ દર્શનાબેન જરદોષ , મેયર ડો.જગદીશ પટેલ અને સુરતના તમામ ધારાસભ્યો , કોર્પોરેટરશ્રીઓ , હોદેદારો , રાષ્ટ્રપ્રેમી અને કાર્યકરમિત્રો એ હાજરી આપી હતી. મુખ્યમંત્રીએ સંબોધન આપતાં જણાવ્યું હતું કે નાગરિકતા સંશોધન કાયદો એ ખૂબ ઉપયોગી છે અને કોંગ્રેસ લોકોને ગુમરાહ કરે છે અને મુખ્યમંત્રી એ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતાં.*

સુરતમાં સીએએના સમર્થનમાં વિશાળ રેલી યોજાઈ,મુખ્યમંત્રીએ પ્રસ્થાન કરાવ્યું

કોંગ્રેસે આતંકીઓને બિરયાની ખવડાવી ઈલુ-ઈલુ કર્યું: રૂપાણી

કોંગ્રેસ પાકિસ્તાનની ભાષા બોલે છે,આ પક્ષની છાતીવાળા મોદી હતા જેમણે પુલવામાનો બદલો લીધો

કોંગ્રેસ હંમેશા દેશ વિરોધી તત્વોને સમર્થન કરે છે,સીએએમાં કોઈની નાગરિકતા લેવાની વાત નથી આપવાની વાત છે

વિશાળ રેલીમાં જનસૈલાબ ઉમટ્યું,દેશ કે ગદ્દારો કો ગોલી મારો..ના નારા લાગ્યા

સુરત

દેશમાં એક તરફ સીએએ, એનપીઆર, એનઆરસીનો વિરોધ થઈ રહ્યો છે ત્યારે ભાજપ દ્વારા સુરતમાં વરાછાથી સીએએના સમર્થનમાં વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં રાજયના મુખ્યમંત્રી વિજય રુપાણીએ પણ હાજરી આપીને કાયદાના સમર્થનમાં વાત કરીને મોદી સરકારની વાહવાહી કરી છે. આ સાથે રુપાણીએ કોંગ્રેસ પર વાર કર્યા છે. આ રેલીમાં વિશાળ સંખ્યામાં ભાજપના સમર્થકો સાથે સામાન્ય લોકો જોડાયા હતા.

ઢોલ-નગારાની સાથે આ વિશાળ રેલીમાં હાથી પણ જોવા મળ્યા. મોટી સંખ્યામાં સ્ત્રીઓ પણ આ રેલીમાં જોડાઈ અને બેનર્સ તથા પોસ્ટર્સ દર્શાવીને સીએએ પ્રત્યે પોતાનું સમર્થન વ્યક્ત કર્યું. આ રેલીમાં મુખ્યપ્રધાન રુપાણી સહિત ભાજપના ધારાસભ્યો અને સુરતના કોર્પોરેટર્સ પણ જોડાયા હતા. વરાછા મીની બજારથી નીકળેલી આ રેલી હીરાબાદ સર્કલ સુધી યોજાવામાં આવી હતી. આ રેલીમાં વિશાળ રાષ્ટ્ર ધ્વજ પણ દર્શાવવામાં આવ્યો છે. રેલીમાં દેશ કે ગદ્દારો કો ગોલી મારો,ભારત માતા કી જયના નારા લાગ્યા.

સુરતમાં નિકળેલી રેલીને પ્રસ્થાન કરાવતાં પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સીએએ મુદ્દે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. કાશ્મીરમાં આજ દિવસ સુધી તમે લોકોએ આતંકવાદીઓને બિરયાની ખવડાવી તમે આતંકવાદીઓ સાથે ઈલુ ઈલુ કર્યું છે અને આ દેશને નબળો કર્યો છે.

સરદાર પટેલના સાનિધ્યમાં આજે સીએએના સમર્થનામાં રેલી યોજાઈ છે. ભાજપે લોકસભાની ચૂંટણી પહેલા ઘોષણપત્રમાં જે સીએએ, ૩૭૦ની કલમ જેવા વાયદોઓ કર્યા તે તમામ પૂર્ણ કર્યા છે. સીએએના વિરોધીઓને આ રેલી જવાબરૂપ છે. આ દેશના ટુકડા ટુકડા થાય તે માટે કોંગ્રેસ અને અન્ય વિરોધીઓ સીએએ મુદ્દે ખોટા પ્રચાર, લોકોને ગેરમાર્ગે દોરી મુસલમાનોને આગળ કરી વિરોધ કરી રહ્યા છે. કોંગ્રેસ માત્ર વોટબેંકની રાજનિતી કરે છે.

વધુમાં જણાવ્યું હતું કે, મારે કોંગ્રેસને સીધો સવાલ પૂછવો છે કે, તમે કેટલા વખત લોકશાહીનું હનન કર્યું છે તેનો હિસાબ આપો. ૬૫૦ દિવસ કટોકટી લગાવીને આ દેશને જેલ બનાવી દેશના તમામ સ્તંભો તોડી નાખ્યા છે. દેશની જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તમે વાત કરો છો કે આ દેશમાં વિરોધ કરવો અટલે દેશદ્રોહી કહેવાય તમે વોટબેંકની રાજનિતીના આધાર પર દેશ વિરોધીઓને પ્રોત્સાહન આવ્યું છે તેનો હિસાબ આપો. જેએનયુમાં ભારત તેરા ટુકડા કરેંગે, અફઝલ હમ સરમિંદા હૈ, તેરા કાતીલ જિંદા હૈના સુત્રોચ્ચાર થતા હતા ત્યારે કોના બેસાણામાં ગયા હતા, તમે ક્યાં હતા કોને સમર્થન કરતા હતા, અફઝલ અને તમારા સંબંધ શું હતા તેનો જવાબ આપો. કેરલમાં આતંકવાદીના પોસ્ટર છપાવીને વોટ માંગવા ગયા હતા. બોમ્બેમાં બોમ્બ ધડાકા થયા ત્યારે ક્યા ગયા હતા. આપણા જવાનોએ જે વિરતા પ્રદર્શિત કરી હતી તમે તેની નિંદા કરવા નીકળ્યા હતા. કાશ્મીરમાં આજ દિવસ સુધી તમે લોકોએ આતંકવાદીઓને બિરયાની ખવડાવી, તમે આતંકવાદીઓ સાથે ઈલુ ઈલુ કર્યું છે અને આ દેશને નબળો કર્યો છે. જે ભાષા રાહુલ ગાંધી બોલે છે, જે ભાષા કેજરીવાલ બોલે છે, જે ભાષા મમતા બોલે છે આ બધા ચોર ચોર મોસેરા ભાઈઓ છે, બધા એક સાથે દેશ મજબૂત ન થાય તે માટે પ્રયાસ કરી રહ્યા છે. સીએએમાં અમે વારંવાર કહ્યું છે કે કોઈનું નાગરિકત્વ લેવાની વાત નથી નાગરિકત્વ આપવાની વાત છે.

પરિણિતાનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પતિએ હેક કર્યાનો આરોપ

સુરત

શહેરની યુવતીનાં તમિલનાડુમાં રહેતા યુવાન સાથે લગ્ન થયા હતા પણ પતિ પત્ની વચ્ચે મનમેળ ન થતા માત્ર બે મહિના પોતાના પિયર રહેવા આવી ગઈ હતી. જોકે, પતિએ પત્નીનાં ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરી તેમાં તેના નંબરને બદલે પોતાનો મોબાઈલ નંબર એડ કરી મેઈલ આઈડી અને પાસવર્ડ બદલી કઢાયો હતો. તેમજ ફોટો-વિડિયો પણ ડીલીટ કરી દીધી હતી. પત્નીએ પતિ સામે શંકા વ્યક્ત કરી સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

સુરતનાં ઉધના મગદલ્લા રોડ વિસ્તારમાં અને હાલમાં માતાપિતા સાથે રહેતી ૨૬ વર્ષીય રાજસ્થાની ફેશન બ્લોગરનું કામ કરતી યુવતીનાં લગ્ન તેના સમાજના જ અને તમિલનાડુમાં રહેતા શુભમ નામના યુવાન સાથે મે ૨૦૧૯માં થયા હતા. લગન જીવન દરમિયાન પતિ-પત્ની વચ્ચે મનમેળ ન થતા યુવતી માત્ર લગ્નનાં બે માસમાં સુરત પિયરમાં રહેવા આવી ગઈ હતી. જોકે, આ યુવતી છેલ્લા પાંચ વર્ષથી ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરતી અને ફેશન અંગેના વીડિયો તેમજ ફોટા મુકતી હતી. પત્ની પિયર જતી રહી હતી તે વાતનું લાગી આવતા અને પત્ની પર નજર રાખવા પતિએ આ કૃત્ય કર્યું હતું. યુવતીએ ગત ૨૮ ઓગસ્ટ ૨૦૧૯નાં રોજ ઈન્સ્ટાગ્રામમાંથી મેઈલ આવ્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે, તેના મોબાઈલ નંબરને બદલે તેના પતિનો મોબાઈલ નંબર એડ થયો છે. તેમજ ઈન્સ્ટાગ્રામનાં મેઈલ આઈડી અને પાસવર્ડ પણ બદલી નાખવામાં આવ્યાં હતા. યુવતીએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ખોલવા પ્રયાસ કર્યો હતો પણ તે ડીએક્ટિવ થઈ ગયું હતું. જેણે લઈને યુવતીએ પોતાનું એકાઉન્ટ હેક થયું છે તેમ જાણતા યુવતીએ સેટીંગમાં જય એકાઉન્ટ રીકવર કરી ખોલ્યું તો તેણે મુકેલા તમામ ફોટા અને વિડીયો પણ ડીલીટ કરી દેવાયા હતા. સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા આ મામલે ફરિયાદ ના આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી.

પીવાના પાણીની પાઈપ લાઈન ૯૦ મીટર ઓછી નાંખી ભ્રષ્ટાચાર કર્યો

પૂર્વ મહિલા સરપંચ અને તેમના પતિ અને તલાટી વિરુદ્ધ એસીબીએ ભ્રષ્ટાચારનો ગુનો નોંધ્યો

વિરમગામ

જખવાડા ગ્રામ પંચાયતના પૂર્વ મહિલા સરપંચ તેમના પતિ અને તત્કાલીન તલાટી કમ મંત્રી સામે રૂ.૬૧ હજારનો ભ્રષ્ટાચાર કરવા બદલ એસીબીએ ગુનો નોંધ્યો છે. જેમાં લીલાબહેન રામસંગભાઈ ગોહિલ(પૂર્વ સરપંચ, જખવાડા) તેમના પતિ રામસંગભાઈ વિરભણભાઈ ગોહિલ અને તલાટી કમ મંત્રી અર્જુન દયારામ શર્માનો સમાવેશ થાય છે.આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર વર્ષ ૨૦૦૯થી ૨૦૧૨ દરમિયાન પીવાના પાણીની પાઈપ લાઈન ૯૦ મીટર ઓછી નાંખી આ કામ માટે અપાયેલી ઉચ્ચક રકમ રૂ. ૫૦ હજાર તથા પાઈપલાઈનની કામગીરીમાં આવેલી ઘટ પેટે રૂ.૧૧,૩૩૭ મળી કુલ રૂ.૬૧,૩૩૭ની રકમનો ભ્રષ્ટાચાર આચર્યો હોવાનો ખુલાસો થયો છે.

ભૂજમાં પોલીસે ૧૦૦ રૂપિયાની નકલી બનાવટી નોટો સાથે ત્રણની ધરપકડ કરી

ભૂજ

ભુજ બી ડિવિઝન પોલીસે રૂપિયા ૧૦૦ની બનાવટી નકલી નોટો સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી નકલી નોટોના રેકેટનો પર્દાફાશ કર્યો છે. કેસના તાર બેંગ્લોર સુધી જોડાયેલા છે.

સરકારે નવી ચલણી નોટો બજારમાં મૂકી પણ અમુક ઠગબાજોએ નવી નોટોની પણ નકલી બનાવવાનો ધંધો શરૂ કરી નાખ્યો છે. ભુજ બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે માધાપર નવાવાસ માંથી રૂ.૬૩,૭૦૦ ની બનાવટી રૂ.૧૦૦ ના દરની નકલી નોટો પકડી છે. મળતી વિગતો મુજબ,આરોપી અતુલ પ્રાણલાલ વોરા નકલી નોટો બજારમાં વટાવવાની પેરવીમાં હતો, ત્યારે જ ઝડપી પાડ્યો હતો. આરોપી અતુલ વોરા બેંગ્લોરથી કિશોર પટેલ નામના શખ્સ જોડેથી રૂ.૭૦ હજારની બનાવટી નોટો લાવ્યો હતો.

આ નોટો ભુજના સ્નેહલ પ્રફુલચંદ્ર ઝવેરી અને ભાવેશભાઈ મૂળશંકરભાઈ ઝાલાને વટાવવા આપી હતી. બી ડિવિઝન પોલીસે ત્રણ આરોપીની બનાવટી નોટો સાથે ધરપકડ કરી છે. ભારતીય અર્થતંત્રના કાયદાને નુકશાન પહોંચાડતા કારસાનો પર્દાફાશ કરાયો છે. આ કેસના તાર બેંગ્લોર સુધી જોડાયા છે. આગામી સમયમાં વધુ હકીકતો ખુલવા પામશે.

તસ્કરો ઈનોવા કારના કાચ તોડી મ્યૂઝિક સિસ્ટમ સહિત ૧.૪૫ લાખની ચોરી કરી ફરાર

સુરત

સુમુલ ડેરી રોડ પર શ્રધ્ધા સોસાયટીમાં રહેતા વેપારી સહિત બે જણાની ઈનોવા કારના કાચ તોડી અજાણ્યાઓએ મ્યૂઝિક સીસ્ટમ મળી કુલ રૂપિયા ૧.૪૫ લાખના મત્તાની ચોરી કરી નાસી ગયાં હતાં.

કતારગામ પોલીસના જણાવ્યા મુજબ સુમુલ ડેરી રોડ શ્રધ્ધા સોસાયટીમાં રહેતા વેપારી હરેશ હરગોવિંદ પટેલ અને હિતેશ હસમુખલાલ બોધાવાલાની સોસાયટીમાં પાર્ક કરેલી ઈનોવા કારના ગઈકાલે રાત્રે કોઈ અજાણ્યાઓએ કાચ તોડીને અંદરથી મ્યૂઝીક સીસ્ટમ મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦ના મત્તાની ચોરી કરી નાસી ગયાં હતાં. પોલીસે સીસીટીવીના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

દુર્ઘટનામાં પથી વધુ જાનૈયાઓ ઈજાગ્રસ્ત

લગ્ન પ્રસંગ ફેરવાયો માતમમાં, જાનૈયા ભરેલું ટ્રેક્ટર પલટી જતાં એકનું મોત

અમરેલી

અમરેલીમાં આશાભર્યા અરમાનો લઈને લીલાતોરણે નવવધૂને લેવા જનારી જાનનો શુભ પ્રસંગ માતમમાં ફેરવાઈ જતા આખા પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. જાનૈયા ભરેલું ટ્રેક્ટર પલટી ખાઈ ગયુ હતુ જેમાં એક મહિલાનું મોત થયું છે જ્યારે પથી વધુ લોકો ઘાયલ થયા છે. અમરેલીના સાવરકુંડલાની સવાર માઠા સમાચાર લઈને આવી છે. લીલા તોરણે પરણવા જઈ રહેલી જાનનો અકસ્માત થયો હતો જેમાં એક મહિલાનું મોત થઈ ગયુ છે જ્યારે અન્ય ૫ જણા ગંભીર રીતે ઘાયલ થયા છે. સાવરકુંડલાના ભમર નજીક જાનૈયાનું ટ્રેક્ટર પલટ્યું હતુ. વિજપડી ઘાડલા વચ્ચે ટ્રેકટરે પલટી મારી હતી. જાનૈયાઓ ટ્રેક્ટરમાં સવાર થઈ નવવધુને લેવા જઈ રહ્યા હતા. જાન ટ્રેક્ટરમાં ચીખલીથી ધાડલા જતી હતી. ટ્રેક્ટર પલટી જતા ૪૫ વર્ષીય મહિલાનું મોત થયુ છે જ્યારે દુર્ઘટનામાં પથી વધુ જાનૈયાઓ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને રાજુલા હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.



નર્મદા જિલ્લામાં પોલીસને ચકમો આપતા ચોરોનો આતંક વધતા લોકોમાં ગભરાટ

ડેડીયાપાડા માં એકજ રાત્રે બે મકાનોમાં ૧.૭૭.લાખની ચોરી બાદ સાગબારામાં ૪.૨૮ લાખની ચોરીથી ફફડાટ

સાગબારા ના ધનસેરા ના એક મકાનમાં અજાણ્યા ચોરો એ રોકડા રૂ.૪,૨૩,૫૦૦ અને મોબાઈલ મળી રૂા.૪,૨૮,૫૦૦/-ના મુદ્દામાલની ચોરી કરી ફરાર

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા

ચાર દિવસ પહેલાજ ડેડીયાપાડા પંથક માં બે મકાનો ના તાળા તોડી ચોરો એ રૂ.૧.૭૭ લાખની ચોરી ને અંજામ આપવામાં સફળતા મેળવી હતી તેની શાહી હજુ સુકાઈ નથી ત્યાં ગતરાત્રે સાગબારાના ધનસેરા માં ૪,૨૮,૫૦૦/-ના મુદ્દામાલ ની ચોરી કરી ચોરો એ પોલીસ ને પડકાર આપ્યો હોય એમ ચોરી કરી ભાગવામાં સફળ થયા હતા.

સાગબારા ના ધનસેરા ગામમાં રહેતા નયનભાઈ રણજીત સિંહ કોઠારી ના ઘરમાં કોઈ અજાણ્યા ઈસમે ફરીયાદ ના ઘરમા ખુલ્લા દરવાજા માંથી પ્રવેશ કરી આગળના રૂમમા ટેબલ ઉપર મુકેલ લાલ કલરની કાપડની થેલીમાના રોકડા રૂા.૪,૨૩,૫૦૦/-તથા ઘરની બહાર ઓટલા ઉપર મુકેલ મોબાઈલ ફોન કિ.રૂા.૫૦૦૦/-મળી કૂલ રૂા.૪,૨૮, ૫૦૦/-ના માલ મત્તાની ચોરી કરી લઈ જઈ ગુનો કરી નાસી છૂટયા હોય આ બાબતે નયન કોઠારી એ ફરિયાદ આપતા પોલિસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પરંતુ એક જ અઠવાડિયામાં ડેડીયાપાડા અને સાગબારા માં લાખોની ચોરી થવા છતાં પોલીસને ચકમો આપનાર ચોરો હજુ પકડમાં ન આવતા આ અજાણ્યા ચોરોનો આતંક વધતા લોકોમાં ફફડાટ જરૂર વધ્યો છે.

ડેડીયાપાડા, સાગબારા બાદ તિલકવાડાની એક દુકાનમાં લાખોની ચોરી

તિલકવાડાના બૂંજેઠા ગામની દુકાનમાંથી રોકડ અને સામાન મળી ૧.૯૬ લાખથી વધુની ચોરી

ચોરોએ દુકાનની લાઈટ તથા CCTV કેમેરા બંધ કરી ડુબ્લીકેટ ચાવીથી દુકાનનો દરવાજો ખોલી દુકાનમા મુકેલ રોકડા રૂ.૧ લાખ અને સામાનની ચોરી કરી પલાયન

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા

તિલકવાડાના બૂંજેઠા ગામના એક વેપારી ની દુકાન માંથી પણ ગતરાત્રે રોકડ અને સામાન મળી લાખોની ચોરી થયા બાબતે ફરિયાદ નોંધાતા એકજ અઠવાડિયા માં ચોરો એ નર્મદા માં આ ચોથી ચોરી ને અંજામ આપતા પોલીસ ને જાણે લપડાક મારી હોય તેમ લાગી રહ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર તિલકવાડાના બૂંજેઠા ગામા દુકાન ચલાવતા મહેન્દ્રકુમાર ઈશ્વરભાઈ ચૌહાણની દુકાનમાં ગત રાત્રે કોઈ ચોર ઈસમો દુકાનની મેઈન સ્વીચ નીચે પાડી લાઈટ તથા CCTV કેમેરા બંધ કરી ડુબ્લીકેટ ચાવીથી દુકાનનો દરવાજો ખોલી દુકાનમા મુકેલ આવકની બચત પેટીના રોકડા રૂ.૧,૦૦,૦૦૦ પેટી સાથે તેમજ દુકાનમાં ગોઠવેલ સિગરેટ પેકેટની ૩૦૦ ડબ્બી કિ.રૂ.૨૭૦૦૦ તથા ગુટકા પેકેટ નંગ ૧૦૦ કિ.રૂ.૧૨,૫૦૦ બીજા પડીકાના પેકેટ નંગ ૪૦ કિ.રૂ.૯,૨૦૦ તથા પણ મસાલાની પડીકીના પેકેટ નંગ ૪૦૦ કિ.રૂ.૨૦,૦૦૦ તેલના ડબ્બા કુલ ડબ્બા નંગ ૧૨ કિ.રૂ.૧૯, ૨૦૦મળી કુલ રૂપીયા ૧,૯૬,૯૦૦ ની ચોરી કરી જતા વેપારી મહેન્દ્ર ચૌહાણે ફરિયાદ નોંધાવતા તિલકવાડા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

જોકે આ એકજ અઠવાડિયામાં નર્મદા જિલ્લામાં એક બાદ એક અલગ અલગ જગ્યાઓ પર ચોરીઓ થયા બાદ પણ ચોરો હજુ પોલીસ પકડથી દૂર હોય પોલીસના રાત્રી પેટ્રોલિંગ પર અનેક સવાલ ઉઠી રહ્યા છે.

નર્મદાના મોવી ગામમાં લગ્નમાં નાચવા બાબતે ૧૭ વર્ષના જયેશ વસાવાની હત્યામાં LCB ટીમે હત્યારાને દબોચી લીધો

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા



નર્મદા જિલ્લાના મોવી ગામે લગ્ન દરમિયાન વરઘોડો ગામમાં નીકળ્યો હતો. આ વરઘોડા દરિમયાન નાચવામાં કેટલાક યુવાનો વચ્ચે બોલા ચાલી થઈ હતી,એ બોલાચાલીમાં મામલો બીચકયો હતો અને ટોળામાં એક યુવાને જયેશ રમેશ વસાવાની છાતીના ભાગે ચપ્પુથી વાર કર્યો હતો જેથી એ યુવાન ત્યાં જ બેભાન થયો હતો. ત્યારબાદ બાદ હાજર લોકો ઘાયલ જયેશને રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવ્યા હતા. ત્યાં હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ટોળામાં બનેલી આ ઘટનાને પગલે આરોપીની ઓળખ થઈ શકી ન હતી. જેથી મરનાર યુવાનના પિતા રમેશ ગુરુજી વસાવાની ફરિયાદને આધારે નર્મદા પોલીસે અજાણ્યા ઈશમ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ તપાસ માં એલ.સી.બી. પી.આઈ. એ.એમ.પટેલ અને PSI સી.એમ. ગામીત સહિતની ટીમોએ તપાસ માં લગ્નના સમયના વિડીયો ફુટેજમાં લગભગ ૩૦૦ થી વધુ લોકોના ફોટો અલગ તારવ્યા અને તમામની પૂછપરછ હાથ ધરી હતી. જેમાં નવા રાજુવાડીયા ગામ ખાતે રહેતા હિમાંશુ હસમુખભાઈ વસાવાને કડક પુછપરછ કરતા તેણે કબુલાત કરેલ કે મરનાર જયેશ સાથે લગ્નમાં નાચવા બાબતે ઝગડો થતાં ભીડનો લાભ લઈ મરનાર જયેશને છાતીના જમણા ભાગે છરો મારી એ છરો તેના પેન્ટમાં સંતાડી ભાગી ગયો હતો. પોલીસે ગુનામાં વપરાયેલ છરા સાથે હત્યારા યુવાન હિમાંશુ ની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.આમ ગણતરીના કલાકોમાં નર્મદા એલસીબી પોલીસે હત્યારાને દબોચી લીધો હતો.

ભાજપ કાર્યકરે વ્હોટસએપ ગ્રુપમાં ધડાધડ ચાર અશ્લિલ વીડિયો શેર કરતાં ચકચાર

સુરત

ગુજરાતમાં ભાજપનાં નેતાઓની સેક્સ સ્કેન્ડલમાં સંડોવણી હોય કે પછી વ્હોટ્સએપ ગ્રૂપમાં અશ્લીલ વીડિયો મૂકવાની વાત હોય, ભાજપના નેતા અને કાર્યકરો હંમેશા આ બાબતે ચર્ચામાં રહે છે. અને ભાજપમાં આવો જ એક અશ્લીલકાંડ સામે આવ્યો છે. સુરતમાં ભાજપના કાર્યકરે વ્હોટ્સએપ ગ્રૂપમાં ધડાધડ ચાર અશ્લીલ વીડિયો શેર કરી દીધા હતા. જેને જોઈને મહિલા કાર્યકરો શરમમાં મૂકાઈ હતી. જે બાદ મહિલા કાર્યકરોએ અશ્લીલકાંડના આરોપી કાર્યકરને ગ્રૂપમાંથી કાઢી નાખવાની વાત કરી હતી.

ગુજરાતમાં વધુ એકવાર શિસ્તબદ્ધ પાર્ટી ભાજપના કાર્યકર્તા કન્ટ્રોલ બહાર ગયા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. લીંબાયત વોર્ડ નંબર ૨૪ના ગ્રુપમાં અશ્લીલ વીડિયો શેર થયા હતા. વ્હોટસએપ ગ્રુપમાં એક પછી એક ચાર વીડિયો શેર થયા હતા. ભાજપના કાર્યકર કિશોર સોલંકીએ અશ્લીલ વીડિયો શેર કર્યા હતા. ભાજપની મહિલા કોર્પોરેટર,

અનુસંધાન પાના નં. ૮

ભરૂચ હુસેનિયા નજીક ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ



૧૦ થી વધુ ઝુંપડા બળી ને ખાખ - ચૂલામાં જમવાનું બનાવ્યા બાદ ચૂલો ચાલુ રહી જતા બની ઘટના

ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલી હુસેનિયા સોસાયટી નજીક આવેલી ઝૂંપડપટ્ટીમાં રવિવારે આગની હોનારત સર્જાઈ હતી. આકસ્મિક આગ લાગતા અફરાતફરી સાથે દોડધામ મચી ગઈ હતી. આગની ચપેટમાં ૧૦ થી વધુ ઝુંપડા બળી ને ખાખ થઈ ગયા હતા.

ભરૂચ ફાયર ફાઈટરના ૨ લાસ્કરોએ સ્થળ પર ધસી આવી આગ પર કાબુ મેળવ્યો હતો. સવારે ચૂલા પર જમવાનું બનાવ્યા બાદ ચૂલો ચાલુ રહી જતા આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાય રહ્યું છે. જોકે આકસ્મિક આગનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. પુનઃ કડકડતી ઠંડી અને સુસવાટા મારતા પવનમાં ૧૦ થી વધુ ઝુંપડા બળી જતા બેઘર અને નિસહાય બનેલા ઝૂંપડવાસીઓની સ્થિતિ દયનિય બની ગઈ છે.

ધરમપુરમાં સબ જેલમાં હત્યાના આરોપીએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી

વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે આવેલ સબ જેલમાં હત્યાના ગુનાના આરોપીએ જેલમાં ફાસો ખાઈ કરી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. વલસાડમાં ધરમપુર ખાતે સબજેલ કસ્ટડીમાં રૂમ નંબર – ૧માં ગત તા . ૦૬ / ૧૧ / ૨૦૧૯ના દિને કપરાડા પોલીસ સ્ટેશનના પ્રેમિકાની હત્યાના ગુનામાં પકડાયેલા કપરાડા તાલુકાના વિરક્ષેત્ર કુકનીયા ફળીયાના કાચા કામના આરોપી ૨૧ વર્ષીય દિપકભાઈ મોતીરામભાઈ વાઘમારને રાખવામાં આવ્યો હતો .આ આરોપી દ્વારા રાત્રી દરમિયાન રૂમની દીવાલની બારીના લોખંડના સળિયા સાથે એક ટુવાલ ભેરાવી તેના બંને છેડા સાથે જેકેટની દોરીનો એક છેડો બાંધી દોરી વડે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

જેલ પ્રસાશન દ્વારા અધિકારીઓ ને જાણ કરતા એસડીએમ, મામલતદાર, ઈન્ચાર્જ પીએસઆઇ, વલસાડ ડીવાયએસપી મનોજ શર્મા, સીપીઆઇ સહિત પોલીસ કાફલો સબજેલ ખાતે પહોચ્યા હતા. તેમજ એફએસએલ અધિકારી પણ ઘટના સ્થળે આવી પહોચ્યા હતા. એસડીએમ અને ધરમપુરના જયુડીશીયલ મેજિસ્ટ્રેટના રાહબરી હેઠળ પોલીસ અને એફએસએલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ બેરેકમાં થી સુસાઇડ નોટ પણ મળી હતી . મોડી સાંજે મૃતદેહને પીએમ માટે પ્રથમ સ્ટેટ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. અને ત્યાંથી ફોરેન્સિક પીએમ માટે સુરત ખાતે મૃતદેહ લઈ જવાની તજવીજ પોલીસે હાથ ધરી છે.


કીમ માંડવી રોડ પર બે બાઈક સામ-સામે અથડાતા બે યુવકના મોત

સુરત

કીમ માંડવી રોડ પર નૌગામા ગામની સીમમાં બે બાઈક સામસામે અથડાતા ગામના બે યુવકના મોત નીપજ્યા છે. જ્યારે અકસ્માતગ્રસ્ત રોડ પર પડેલી ગાડી સાથે અન્ય એક બાઈક અથડતાં બે ઈજાગ્રસ્ત બન્યા છે. ઘટના અંગે પોલીસે ફરિયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસે પ્રાપ્ત થતી માહિતી અનુસાર કીમ માંડવી રોડ પર નૌગામા ગામે રહેતા દર્શનભાઈ દિનેશભાઈ પટેલ (રહે. નોગામાં મંદિર ફળિયું) જેઓ કીમ ખાતે નોકરી કરે છે. પોતાની બાઈક પર પરત ઘરે ૯.૪૫ વાગ્યાના અરસામાં આવી રહ્યાં હતાં. જ્યારે કમલેશભાઈ નાનુભાઈ પટેલ (રહે. નૌગામા) રાત્રિના પોતાની બાઈક પર ખેતર પાણી પાવા માટે જઈ રહ્યા હતાં. દરમિયાન કીમ માંડવી રોડ પર નૌગામા ગામની સીમમાં બંનેની બાઈક સામસામે અથડાઈ હતી. સર્જાયેલા ગંભીર અકસ્માતમાં બંને યુવકોને ગંભીર ઈજા થઈ હતી. બંનેને સારવાર માટે અરેઠ સરકારી દવાખાનામાં લઈ ગયા હતાં. જ્યાં કમલેશભાઈનું મોત નીપજ્યું હતું. જ્યારે દર્શનભાઈને સારવાર માટે ખોલવડ દિનબંધુ હોસ્પિટલમાં લઈ જતાં જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. ઘટના અંગે મગનભાઈ પટેલે પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં ૧૪ ગામોનો સમાવેશ કરતું જાહેરનામું બહાર પડ્યું



સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલોપમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ટ મુજબ અર્બન ડેવલોપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા કેવડિયા વિસ્તારનું નોટિફિકેશન બહાર પડ્યું

(ભરત શાહ દ્વારા) રાજપીપળા

ગરુડેશ્વર તાલુકાના કુલ ૧૪ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો, સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસન વિકાસ માટેના સત્તા મંડળ માટે ક્યાં ક્યાં ગામોનો સમાવેશ થશે તેને લઈને નોટિફિકેશ બહાર પાડવામાં આવ્યું છે જેમાં નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના કુલ નવ ગામો છે જેનો સંપૂર્ણ સમાવેશ કરવામાં આવ્યો છે જ્યારે પ જેટલા ગામોનો આંશિક ભાગનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જે નવ ગામોનો સંપૂર્ણપણે સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં કેવડિયા, વાઘડિયા, નવાગામ, લીમડી,ગોરા, વસંતપુરા, મોટા પીપરીયા, નાના પીપરીયા, ઈન્દ્રણાનો સમાવેશ કરવા માં આવ્યો છે.જ્યારે ગરુડેશ્વર,બોરિયા, ગભાણા, ભુમલિયા,કોઠી આ પાંચ ગામોના કેટલાક વિસ્તારને લેવામાં આવ્યા છે. ત્યારે ઉલ્લેખનીય છે કે કેવડિયા વિસ્તારમાં આ અગાઉ હ્રદછઠ્ઠ યોજના લાવવામાં આવી હતી ત્યારે ભારે વિરોધના પગલે તેની સ્થગિત કરવામાં આવી હતી અને નવો ગરુડેશ્વર તાલુકો બન્યો હતો ત્યારે બાદ અહીંયા કેવડિયા નજીક દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી બનતા ગુજરાત સરકારે સ્ટેચ્યુ ઓફ યુનિટીને માટે એક વિશેષ કાયદો પસાર કરવામાં આવ્યો છે. આ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસન વિકાસ સત્તા મંડળ વિધેયક વિધાનસભામાં પાસ કર્યું હતું આદિવાસી સમાજમાં ઠેરઠેર વિરોધ થઈ રહ્યો છે. અને આ કાળા કાયદો છે તેમ કહી આને રદ કરવા માટે આદિવાસી સમાજની માગ ઉઠી છે,પણ બીજી તરફ આ પ્રવાસન વિકાસ સત્તા મંડળને લઈને હવે નોટિફિકેશ બહાર પાડવામાં આવ્યું છે જેમાં ૧૪ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે ,ઉલ્લેખનીય છે કે કેવડિયા, વાઘડિયા ગામ સહીતના વિસ્તારના ગામોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસન વિકાસ સત્તા મંડળ કાયદોના લોકો ભારે વિરોધ કરી રહ્યા છે અને આ કાયદો કાળો કાયદો છે તેમ કહી તેને રદ કરવાની માંગ કરવામાં આવી રહી છે અને જેમાં ભાગ રૂપે તાજેતર માં કેવડિયા ગામ માં શાંતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ એક તરફ સ્થાનિક આદિવાસી સમાજ ના આગેવાનો અને ગ્રામજનો પ્રવાસન વિકાસ સત્તા મંડળ કાયદાને રદ કરવાની માંગ કરી રહ્યા છે ત્યારે બીજી તરફ સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલોપમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ટ મુજબ અર્બન ડેવલોપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા આ વિસ્તારનું નોટિફિકેશન બહાર પડ્યું જેમાં નર્મદા જીલ્લા ગરુડેશ્વર તાલુકા ના કુલ ૧૪ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો ત્યારે જોવાનું રહેશે કે આ મુદ્દે આગળ શું થશે.

તિલકવાડાના સોઈકુવા ગામના ઢાળ પર સ્કોર્પીઓ ગાડીનું વ્હિલ નીકળી જતા ચાલકનું મોત





(ભરત શાહ દ્વારા) - રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડાના સોઈકુવા ગામના ઢાળ પર પુરપાટ જતી સ્કોર્પિઓ ગાડીનું વ્હિલ નીકળી જતા ચાલાક મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર તિલકવાડાના વોરા ગામના એજાજભાઈ અયુબ ભાઈ રાઠોડ (ઉવ.૩૦) ગતરોજ પોતાની સ્કોર્પિઓ ગાડી નંબર જ્ન ૧૬ છછ ૦૭૪૪ લઈ વોરા થી નસવાડી જતો હતો તે વખતે સોઈકુવા ગામ નજીક આવેલ રોડના ઢાળ ચઢતા વળાક માં તેની ગાડીનુ ખાલી સાઈડનુ પાછળનુ વ્હિલ નિકળી જતા તેની ગાડી રોડ ઉપર પલ્ટી ખાઈ રોડ ની સાઈડ માં આવેલ ખાડા માં પડી જતા માથાના ભાગે તથા શરીરે ઈજાઓ થતા સ્થળ ઉપર જ મોત થયું હોય આ બાબતે જાવેદ કાદરભાઈ રાઠોડે તિલકવાડા પો.સ્ટે.માં જાણ કરતા પોલીસે અ. મોત દાખલ કરી છે.

પરિવારે હત્યાની આશંકા વ્યક્ત કરી

સાવલીમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર

વડોદરા

સાવલી કે.જે.આઇ.ટી. કોલેજમાં મિકેનીકલ એન્જિનીયરના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ હોસ્ટેલમાં ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. શનિવારે બપોરના સમયે યુવાને તેના રૂમની બાજુના ખાલી રૂમમાં જઈ આપઘાત કરી લીધો હતો. પરિવારજનોએ યુવાનની હત્યા ઉપર આશંકા વ્યક્ત કરી છે.દાહોદ જિલ્લાના ભંભોડી ગામમાં રહેતો રોનક રણજીતસિંહ વશી (ઉં.૧૭) ધોરણ-૧૦ પાસ કર્યા બાદ સાવલી કે.જે.આઇ.ટી. કોલેજમાં ડિપ્લોમાં મિકેનીકલ એન્જિનીયરીંગમાં એડમિશન લીધું હતું. અને કોલેજના કેમ્પસ સ્થિત હોસ્ટેલના ૪૦૨ રૂમમાં રહીને અભ્યાસ કરતો હતો. પ્રથમ વર્ષ પૂરું કર્યા બાદ બીજા વર્ષમાં અભ્યાસ કરી રહેલ રોનક વશીએ શનિવારે

અનુસંધાન પાના નં. ૮